**આજનો સુવિચાર**

ભૂખ લાગે ત્યારે
ખાવું તે પ્રકૃતિ,
પારકાનું પડાવીને
ખાવું તે વિકૃતિ,
અને ભૂખ્યા રહીને બીજાને
ખવડાવવું તે સંસ્કૃતિ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૭૦ જૂનાગઢ તા.૫-૭-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 170, Junagadh : Date : 05 July, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# પવાર V/s પવાર : આજે મહામુકાબલામાં કોણ જીતશે ? ભારે ઉત્તેજના

## એનસીપી કોની થશે ? કાકા - ભત્રીજાની લડાઈની આજે પરાકાષ્ઠા : ૫૩ ધારાસભ્યોનું વિભાજન

(મુંબઈ બ્યુરો) મુંબઈ, તા.૫

અજિત પવાર મહારાષ્ટ્રમાં એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારમાં જોડાયા પછી, તેમની અને શરદ પવાર વચ્ચે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) પર દાવો કરવાની લડાઈ વધુ તીવ્ર બની છે. આ એપિસોડમાં, શકિત પ્રદર્શન માટે બંને જૂથોએ બુધવારે અલગ-અલગ બેઠક બોલાવી છે. એનસીપીના શરદ પવાર જૂથે દક્ષિણ મુંબઈના યશવંતરાવ ચવ્હાણ સેન્ટરમાં બપોરે ૧ વાગ્યે પાર્ટીની બેઠક બોલાવી છે જ્યારે અજિત પવારે સવારે ૧૧ વાગ્યે ઉપનગરીય બાંદ્રામાં મુંબઈ એજ્યુકેશન ટ્રસ્ટ પરિસરમાં બેઠક બોલાવીછે. કેટલા ધારાસભ્યો કોની સાથે છે તે અંગે બંને પક્ષોની બેઠક પરથી સ્થિતિ સ્પષ્ટ થવાની ધારણા છે. NCP પાસે ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં ૫૩ ધારાસભ્યો છે અને અજિત પવાર જૂથને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ ગેરલાયક ઠેરવવાથી બચવા માટે ઓછામાં ઓછા ૩૬ ધારાસભ્યોના સમર્થનની જરૂર છે. અજિત પવારના જૂથે ૪૦ ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો છે. તે જ સમયે, શરદ પવાર જૂથે દાવો કર્યો છે કે સરકારમાં રહેલા અજિત પવાર સહિત માત્ર ૯ ધારાસભ્યોએ પક્ષ બદલ્યો છે અને બાકીના શરદ પવારની સાથે છે. ધારાસભ્યો સરોજ આહિરે, પ્રાજકતા તાનપુરે અને સુનિલ ભુસારા અજિત પવાર સાથે હોવાનું કહેવાય છે પરંતુ તેઓ શરદ પવારને મળ્યા અને તેમની નિષ્ઠા દર્શાવી હતી. એનસીપીના ડઝનબંધ કાર્યકરો તેમની બેઠક પહેલા અજિત પવારના બંગલે પહોંચ્યા હતા. અજિત પવારને મળ્યા અને તેમના સમર્થકોએ અજિત પવારના ઝિંદાબાદના નારા પણ લગાવ્યા. ત્યાં સભાની તમામ તૈયારીઓ કરી લેવામાંઆવી છે. અજિતપવાર ટૂંક સમયમાં પહોંચી રહ્યા છે. મહારાષ્ટ્રના રાજકારણમાં હલચલ તેજ થઈ ગઈ છે. આગામી બે-ત્રણ કલાકમાં સ્પષ્ટ થશે કે કેટલા ધારાસભ્યો અજિત પવારની સાથે છે.

એનસીપીના બંને જૂથો આજે શકતિ-દર્શન કરશે. બંને પક્ષો વતી ધારાસભ્યોને વ્હીપ પણ જારી કરવામાં આવ્યો છે. જ્યાં અજિત પવારે સવારે ૧૧ વાગ્યે બાંદ્રાની MET કોલેજમાં પાર્ટીના ધારાસભ્યો અને સાંસદોની બેઠક બોલાવી છે. ત્યાં શરદ પવારે નરીમાન પોઈન્ટ ખાતે બપોરે ૧ વાગ્યે Y.B. ચવ્હાણ કેન્દ્ર ખાતે જિલ્લાથીતાલુકા સ્તર સુધીના તમામ ધારાસભ્યો, સાંસદો અને પક્ષના કાર્યકરોની બેઠક બોલાવવામાંઆવી છે.

એનસીપી સુપ્રીમો શરદ પવારે પાર્ટીની બેઠક બોલાવવા માટે સત્તાવાર પત્ર જારી કર્યો છે. આ સાથે એનસીપીના કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુલે અને રાજ્ય પ્રમુખ જયંત પાટીલે એક વીડિયો જાહેર કર્યો છે અને પાર્ટીના તમામ કાર્યકરોને પાર્ટીની બેઠકમાં મોટી સંખ્યામાં હાજરી આપવા અપીલ કરી છે. આ ઉપરાંત નવા ચૂંટાયેલા વ્હીપ જીતેન્દ્ર આવ્હાડે પણ તમામ ધારાસભ્યોને પાર્ટીની બેઠકમાં હાજર રહેવા માટે વ્હીપ જારી કર્યો છે.

બીજી તરફ, શરદ પવાર બાદ અજિત પવારે એનસીપી પર દાવો કરતાં જયંત પાટીલને એનસીપીના મહારાષ્ટ્ર અધ્યક્ષ પદેથી હટાવવાની જાહેરાત કરી હતી. આ સાથે અજિત પવારે સુનીલ તટકરેને એનસીપીના નવા પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા. તેમણે કહ્યું કે જયંત પાટીલે તાત્કાલિક સુનીલ તટકરેને હવાલો સોંપવો જોઈએ.

## શનિવારે કેન્દ્રીય કેબીનેટમાં ધરખમ ફેરફારોની વકી : વધુ ૬ રાજયોનાં પ્રદેશ પ્રમુખ પણ બદલાશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૫

આગામી સમયમાં યોજાનારી પાંચ રાજયોની વિધાનીભાનછ ચૂંટણીઓ તથા ૨૦૨૪ની લોકસભા ચુંટણીઓની પુર્વ તૈયારીમાં સંગઠન અને સરકારમાં મોટાપાયે ફેરફાર કરવા જઈ રહેલા ભાજપે ગઈકાલે ચાર રાજયોના નવા પ્રદેશ પ્રમુખો નિયુક્ત કર્યા બાદ હજું પણ પક્ષના એજન્ડામાં ગુજરાત મધ્યપ્રદેશ સહિતના રાજયોમાં સંગઠન ફેરફારની તૈયારીઓએ વેગ પકડયો છે અને શુક્રવાર સુધીમાં ભાજપના સંગઠન અને સરકારમાં મોટા ફેરફાર નિશ્ચિત બની રહ્યા છે તથા શુક્રવારે અથવા તો શનિવારે મોદી સરકારની કેબીનેટમાં મોટા ફેરફાર થશે.

ગઈકાલથી જ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા કેન્દ્રીય કેબીનેટના અનેક સિનીયર મંત્રીઓ તથા પક્ષના ટોચના નેતાઓને મળી રહ્યા છે. જે.પી.નડ્ડાને મળનારામાં નાણામંત્રી નિર્મલા સીતારામન, અર્થ સાયન્સ બાબતોના મંત્રી કિરણ રિજજુ અને કાનુન મંત્રી અર્જુન મેઘવાલનો સમાવેશ થાય છે. ભાજપે જે ચાર નવા પ્રદેશ પ્રમુખ નિમ્યા છે તેમાં જી.કીશન રેડ્ડીને કેન્દ્રીય ગૃહ રાજય મંત્રી છે. તેઓ રાજીનામુ આપશે તે નિશ્ચિત છે.

તો હાલમાં જ સુપ્રીમ કોર્ટ સાથે વિવાદમાં સપડાયેલા અને કાનુનમાંથી અર્થ સાયન્સ મંત્રાલયમાં ફેરવાયેલા કિરણ રિજજુનું પતુ કપાઈ શકે છે અને નાણામંત્રી નિર્મલા સીતારામનને હવે ભાજપ સંગઠનમાં તથા અર્જુન મેઘવાલને નાણા મંત્રાલય સુપ્રત થઈ શકે છે. સંગઠનમાં મધ્યપ્રદેશ, ગુજરાત, કેરળ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને કર્ણાટકમાં ભાજપ નવા ચહેરાને નિયુકત કરી શકે છે. કર્ણાટકમાં પરાજય પછી ભાજપ હજુ વિપક્ષના નેતાપદ અંગે પસંદગી કરી શક્યો નથી અને તે અંગે પણ જબરી ખેચતાણ છે. ગુજરાતમાં પાટીલના રાજીનામાનો વિકલ્પની શોધ ચાલુ છે.

મધ્યપ્રદેશમાં ચુંટણી આવી હોવા છતાં નવા પ્રદેશ પ્રમુખની હજું જાહેરાત થઈ નથી તે તમામ મુદામાં ભાજપ હવે આ સપ્તાહમાં જ ઉકેલશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ હાલ મહારાષ્ટ્રના ત્રણ દિવસના પ્રવાસે છે તેઓ ગઈકાલે જ પહોંચ્યા હતા અને ગુરૂવારે સાંજે દિલ્હી પરત ફર્યા બાદ કેબીનેટ ફેરફારનો સમય નિશ્ચિત થશે.

ભાજપે ગઈકાલે પંજાબ, તેલંગાણા અને ઝારખંડ સહિત ચાર રાજ્યોના પ્રદેશ અધ્યક્ષોને બદલ્યા છે. લોકસભાની ચૂંટણીના થોડા મહિના પહેલા સંગઠનમાં આ ફેરફાર ભાજપની રાજયવાર રણનીતિના સૂચક છે. તેસાથે ભાજપ હવે વધુ ૬ રાજ્યોમાં પ્રદેશ અધ્યક્ષ બદલશે તેવી શક્યતા છે તેમજ કેબિનેટમાં પણ મોટા ફેરફારની સંભાવના છે.

ભાજપ હાઈ કમાન્ડ આગામી એક-બે દિવસમાં જ આ અંગે નિર્ણય લઈ શકે છે.

### મધ્યપ્રદેશમાં બનેલી જઘન્ય ઘટના :

## દારૂનાં નશામાં ધૂત શખ્સે આદિવાસી શખ્સના મોં પર પેશાબ કર્યો : શિવરાજસિંહે કાર્યવાહીનાં આદેશ આપ્યા

ભોપાલ તા.૫:

મધ્યપ્રદેશનો એક ચોંકાવનારો વિડીયો સામે આવ્યો છે. જેમાં જોવા મળી રહ્યું છે કે, દારુના નશામાં ધૂત એક વ્યકિત પગથિયાં પર બેઠેલા અન્ય એક શખ્સના મોં પર પેશાબ કરી રહ્યો છે. આ વિડીયો મધ્ય પ્રદેશના સીધી જિલ્લાનો હોવાનું જણાવાઈ રહ્યું છે. જે યુવક દારુના નશામાં પેશાબ કરીરહ્યો છે તેનું નામ પ્રકાશ શુક્લા હોવાનું અને તેનું ભાજપ સાથે કનેક્શન હોવાનું સામે આવ્યું છે. જ્યારે જે યુવક પર પેશાબ કરાયો તે આદિવાસી છે. આ વિડીયો વાયરલ થયા બાદ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પેશાબ કરનારા શખ્સ સામે કાર્યવાહીના નિર્દેશ આપ્યા છે.

## મણિપુરમાં હિંસા અવિરત ચાલુ : ટોળાએ IRB બટાલિયનનાં કેમ્પ ઉપર હુમલો કર્યો : એકનું મોત

ઈમ્ફાલ,તા.૫ :મણિપુરમાં હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. મંગળવારે થૌબલ જિલ્લામાં પણ અથડામણ જોવા મળી હતી. જયાં ટોળાએ કથિત રીતે ભારતીય રિઝર્વ ફોર્સના કેમ્પમાંથી હથિયારો અને દારૂગોળો લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. ભીડને રોકવા માટે સુરક્ષાકર્મીઓએ હવામાં ગોળીબાર કર્યો હતો, જેમાં ૨૭ વર્ષીય યુવકનું મોત થયું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે ટોળાએ શસ્ત્રોઅને દારૂગોળો લૂંટવા ખાંગાબોક વિસ્તારમાં ૩જી ઈમ બટાલિયનના કેમ્પ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ટૂંક સમયમાં જ સુરક્ષા દળોએ ભીડને કાબૂમાં લેવા માટે પહેલા ટીયર ગેસના શેલ અને રબર બુલેટનો ઉપયોગ કર્યો. જેમ જેમ સશસ્ત્ર ટોળાએ ગોળીબાર કર્યો, દળોએ પણ જવાબી કાર્યવાહી કરી.

## તુર્કીમાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ચાર ગુજરાતી વિદ્યાર્થીઓનાં કરુણ મોત

અમદાવાદ તા.૪ :

તુર્કીમાં અભ્યાસ માટે ગયેલા ગુજરાતના ચાર વિદ્યાર્થીઓના અકસ્માતમાં મોત સર્જાતા અરેરાટી પ્રસરી ગઈ છે. ચારમાંથી એક યુવતી વડગામ પંથકની હોવાનું બહાર આવ્યુ છે.

તુર્કીમાં અભ્યાસ કર્યા બાદ હોટલનું મેનેજમેન્ટ કરતી વડગામ તાલુકાનાભાંગરોડીયા ગામની એક યુવતી રજાના કારણે તેના ગુજરાતી મિત્રો સાથે ફરવા નીકળી હતી. આ દરમિયાન તેમની અને સામેથી આવતી કાર ધડાકાભેર અથડાતાં અકસ્માત સર્જાયો હતો.

જેમાં ભાંગરોડીયાની યુવતી સહિત પ્રતાપભાઈ ભુવાભાઈ કારાવદરા, જયેશ કેશુભાઈ અગાથ, અંજલી કનુભાઈ મકવાણા અને પુષ્ટિ હીનાબેન પાઠક નામના ૪ ગુજરાતીઓના ઘટનાસ્થળે મોત નીપજયા હતા. વડગામ તાલુકાના ભાંગરોડિયા ગામની અંજલીબેન કનુભાઈમકવાણા નામની ૨૧ વર્ષીય યુવતી તુર્કીમાં અભ્યાસ કર્યા બાદ છેલ્લાં એક વર્ષથી તુર્કીની એક હોટેલનું મેનેજમેન્ટ કરવાની નોકરી કરતી હતી.

જોકે આ યુવતી ગત રોજ રજાનો દિવસ હોવાથી તેના ગુજરાતી મિત્રો સાથે કાર લઈને ફરવા નીકળ્યા હતા.

## ૩ જુલાઈ વિશ્વનો સૌથી ગરમ દિવસ

વોશિંગ્ટન,તા. ૫ : આબોહવા પરિવર્તનના કારણે તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. વધતી જતી ગરમીના કારણે સમગ્ર વિશ્વ ત્રસ્ત છે. દરમિયાન, યુએસ નેશનલ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્રિડિકશને ગરમી અંગેનો અહેવાલ બહાર પાડ્યો છે. જેમાં જણાવ્યું હતું કે ૩ જુલાઈ એ વૈશ્વિક સ્તરે અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ હતો. વૈજ્ઞાનિકોએ કહ્યું કે વધતી ગરમીએ લોકો માટે ઉજવણી નથી, પરંતુ મૃત્યુદંડ છે.

વિશ્વભરમાં ગરમીના મોજાને કારણે મંગળવારે સરેરાશ વૈશ્વિક તાપમાન ૧૭.૦૧ ડિગ્રી સેલ્સીયસ પર પહોંચી ગયું હતું. આ તાપમાને વર્ષ ૨૦૧૬માં બનેલા ૧૬.૯૨ ડિગ્રી સેલ્સીયસના અગાઉના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. તે જ સમયે, દક્ષિણ અમેરિકા તાજેતરના અઠવાડિયામાં તીવ્ર ગરમી સામે ઝઝૂમી રહ્યું છે. આ સિવાય ચીનમાં પણ લોકો હીટ વેવનો સામનો કરી રહ્યા છે. અહીં તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સીયસથી ઉપર રહે છે. તે જ સમયે, ઉત્તર આફ્રિકામાં તાપમાન ૫૦ ડિગ્રી સેલસિયસની નજીક નોંધાયું છે. પરેશાનીની વાત એ છે કે જયાં શિયાળો છે ત્યાં પણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

## નાગાલેન્ડમાં પર્વત ઉપરથી શીલાઓ ગબડતા ત્રણ કારનો કચ્ચરઘાણ : બેનાં મોત

કોહિમા તા. ૫


નાગાલેન્ડના કોહિમા-દીમાપુર હાઈવે પર ગતસાંજે ભૂસ્ખલનની ઘટના બની હતી. હાઈવેની એક બાજુના ઊંચા પહાડોપરથી અચાનક મસમોટા પથ્થરો ગબડીને નીચે પડવા લાગ્યા હતા, જેમાંથી બે મસમોટા પથ્થરોએ હાઈવે પર જઈ રહેલી ત્રણ કારને કચડી નાખી હતી. પથ્થરો એટલી ઝડપે કાર પર પડ્યા કે પળવારમાં જ કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

દીમાપુરના ચુમોકેદીમામાં થયેલા અકસ્માતમાં બે લોકોના મોત થયા છે, જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ સમગ્ર ઘટના પથ્થરોથી કચડાયેલી કારની પાછળ પાર્ક કરેલી કારના ડેશબોર્ડ કેમેરામાં કેદ થઈ ગઈ હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે માત્ર પાંચ સેકન્ડમાંએક પછીએક ત્રણ કાર પર બે મસમોટા પથ્થરો ગબડીને પડ્યા હતા.

## હરીદ્વારમાં કાવંડ મેળાનો પ્રારંભ

હરિદ્વાર તા. ૫

હિન્દુ સંસ્કૃતિ મુજબ હવે આગામી ચાર માસ તહેવારો, ઉત્સવો, ધર્મ આયોજનો અને આસ્થાઅને ઉમંગથી ભરપુર હશે અને આ વર્ષ અધિક માસ પણ છે જેથી વિવિધ તિર્થસ્થાનો પર પણ શ્રદ્ધાળુઓ ભાવિકોની ભીડ લાંબા સમય સુધી જોઈ શકાશે જેમાં ઉતરાખંડના હરિદ્વારમાં ગઈકાલે ગંગાપૂજનની સાથે જ કાંવડ મેળાનો પણ પ્રારંભ થઈ ગયો છે. હવે વિવિધ રાજય સરકારો પણ આ પ્રકારના આયોજનમાંઆસ્થાળુઓને માટે અનેક સુવિધાઓ પણ ઓફર કરે છે તે મુજબ હરકી પૈડી પર કાંવડિયાઓને ફળાહાર અને પાણીની બોટલો આપવામાં આવી હતી અને ગઈકાલે પ્રથમ દિનેજ કાંવડિયાઓની ભારે ભીડ ઉમટી પડી હતી.


**સીયારામ પાણીપુરી**

આપના શુભપ્રસંગે ઓર્ડર લેવામાં આવશે

કેશવ પ્લાઝા કોમ્પ્લેક્ષ, દુકાન નં. જી-૭, જોષીપરા, શાકમાર્કેટ, જૂનાગઢ

લલિતભાઈ પી. અગ્રાવત : મો. ૯૫૩૭૦ ૧૯૪૭૧
ગૌતમભાઈ એલ. અગ્રાવત : મો. ૮૫૧૧૬ ૮૮૪૪૧
ચિરાગભાઈ એલ. અગ્રાવત : મો. ૯૯૨૪૮ ૩૨૭૦૯

**દુકાન વેચવાની છે**

આઝાદ ચોક પોસ્ટ ઓફીસની બાજુમાં, વ્રજવલ્લભમાં બીજા માળે, રોડ સાઈડ ૬૦૦ ફૂટની

૯૩૨૮૮ ૭૧૦૦૧

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...



મો. ૯૯૨૫૫ ૧૧૯૯૭
ફોન (૦૨૮૫) ૨૬૨૨૭૩૫

**દિનેશ એજન્સી**

ડાબર, બૈદ્યનાથ, ઝંડુ, હમદર્દ, સાંડુ, શ્રીશંકર, ઉંઝા તેમજ રસાશ્રમ ફાર્મસીની દવાઓ તથા હેર ઓઈલના વેપારી.

આઝાદ ચોક, મ્યુ. દુકાન નં. ૨-૩, જૂનાગઢ

**બંગલો વેચવાનો છે**


દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને Touch હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીક્સ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫૨ વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.

સંપર્ક : ૭૫૭૫૮ ૦૬૫૮૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**ૐ નેચર ક્યોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**HOPE**
DIABETES CLINIC AND RESEARCH CENTRE

ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ

ડાયાબીટીસ કલીનીક

ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ

હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
- ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
- ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
- ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
- ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.

ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
- પગ મચકોડાઈ જવો
- ફ્રેકચર
- ગરદનનો દુઃખાવો
- લકવો
- કમરનો દુઃખાવો
- સાંધાનો ઘસારો
- ફ્રોઝમ શોલ્ડર
- ચેતાતંતુને લગતી તકલીફ
- પોસ્ટ ઓપ T.K.R., T.H.R.
- સ્નાયુનો દુઃખાવો
- રમતમાં થતી ઈજા

હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે

કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦

રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪

બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસ સ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે સહકારી સંસ્થા દ્વારા સંચાલિત સમગ્ર ભારતમાં પ્રથમ સૈનિક સ્કૂલનું વર્ચ્યુઅલ માધ્યમથી ખાતમુર્હુત કર્યું



(જી.એન.એસ) તા. ૫

કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે મહેસાણા જિલ્લાના બોરિયાવીમાં સહકારી સંસ્થા દ્વારા સંચાલિત દેશની પ્રથમ સૈનિક સ્કૂલનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું.

ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત દૂધસહકારી સંસ્થા દૂધસાગર ડેરીના પ્રણેતા મોતીભાઈ ચૌધરીના જન્મશતાબ્દી મહોત્સવ વર્ષના ઉપલક્ષ્યમાં આ સૈનિક સ્કૂલનું નિર્માણ કરવામાં આવશે.

અંદાજે ૭૫ કરોડના ખર્ચે ૧૧ એકર વિસ્તારમાં આકાર પામનારી આ સૈનિક સ્કૂલ પી.પી.પી. ધોરણે કાર્યરત થનારી દેશની ૨૦મી અને સહકારી સંસ્થા દ્વારા નિર્માણ પામનારી દેશની પ્રથમ સૈનિક સ્કૂલ બનશે.

કેન્દ્રિય ગૃહમંત્રીએ આ અવસરે સ્પષ્ટપણે જણાવ્યું કે આવી સૈનિક સ્કૂલ જ્ઞાન સાથે રક્ષા, બહાદૂરી અને રાષ્ટ્રસેવાનો ભાવ બાળકોના જીવનમાં લાવી નવો ઉમંગ, નવી ચેતના જગાવશે. એટલું જ નહીં, દેશભક્તિ અને શિસ્તના સંસ્કાર સાથેના નાગરિકો આ સૈનિક સ્કૂલમાંથી તૈયાર થશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૯ વર્ષના સુશાસનમાં સહકારી સંસ્થાઓ, એન.જી.ઓ., સેવા સંગઠનોઅને સેવાભાવી વ્યક્તિઓ સૌનેદેશના વિકાસમાંજોતર્યા છે અને ભારત દિન દૂની રાત ચોગુની વિકાસગતિથી આગળ વધી રહ્યું છે.

તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન મોદીની પ્રેરણાથી દેશમાં પી.પી.પી. ધોરણે ૧૦૦ સૈનિક સ્કૂલ સ્થપાવાની છે, તેમાંની ૨૦મી અને સહકારી સંસ્થા સંચાલિત પ્રથમ સૈનિક સ્કૂલનું ખાતમુહૂર્ત એ ગુજરાત માટે ગૌરવ ઘટના છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દૂધસાગર ડેરીના પ્રણેતા મોતીભાઈ ચૌધરીનું ભાવભર્યું સ્મરણ કરતા જણાવ્યું કે, સાર્વજનિક જીવનમાં આદર્શ કાર્યકર્તા કેવો હોય તેનું ઉત્તમ ઉદાહરણ મોતીભાઈ ચૌધરી હતા. લોકપ્રતિનિધિએ સાદગી અને સરળ જીવનથી કેવી રીતે લોકસંપર્ક કરવો તેનું ઉત્તમ અને આદર્શદ્દષ્ટાંત મોતીભાઈ હતા.

કેન્દ્રીય સહકાર મંત્રીએ કહ્યું કે, કટોકટીની લડાઈ, સહકારી ક્ષેત્રના વિકાસની ગતિ સહિત પશુપાલકોના હિત માટે મોતીભાઈ ચૌધરીએ પ્રેરણાદાયી કામ કર્યું છે. સતત ૩૦ વર્ષ સુધી અવિરત સેવા કરીને મોતીભાઈએ દૂધ સાગરના નામને ખરા અર્થમાં સાર્થક કર્યું છે. ત્રિભુવનદાસ પટેલ સાથે મોતીભાઈએ ખભાથી ખભો મિલાવી બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા ત્રણેય જિલ્લામાં દૂધ ઉત્પાદનનો મોટો યજ્ઞ શરૂ કરવાનું કામ કર્યું હતું, તેની પણ યાદ ગૃહમંત્રીએ તાજી કરી હતી.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, રાજયમાં જળક્રાંતિથી વિકાસ ક્રાન્તિની નેમ દેશના પ્રધાનમંત્રીશ્રીએ પાર પાડી છે. જળક્રાંતિથી ખેતીની સમૃદ્ધિ સાથે પશુપાલકો પણ સમૃદ્ધ થયા છે. તેનો શ્રેય દેશના યશસ્વી વડાપ્રધાન મોદીના ફાળે જાય છે.

તેમણે ઉમેર્યું હતું કે, "શબ્દ મોતી" પુસ્તિકા એ મોતીબાપુના જીવન ઝરમરનું પ્રેરણાદાયી પુસ્તક છે. મોતીબાપુએ શરૂ કરેલી દૂધસાગર ડેરી ૫ લાખ પશુપાલકોની આજીવિકા બની છે. ડેરીએ શરૂ કરેલ શૈક્ષણિક સંસ્થાઓમાંથી કારકિર્દી ઘડીને યુવાનો રાષ્ટ્રને ગૌરવ આપી રહ્યા છે. ડેરી દ્વારા દૈનિક ૫ લાખ લીટર દૂધ પ્રોસેસિંગ, માર્કેટિંગ કરી પશુપાલકોને આજીવિકા આપવાનું મોટું કાર્ય થઈ રહ્યું છે, તેમ જણાવી સાગર ડેરીના અવિરત વિકાસ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સૈનિક સ્કૂલના ઈ ખાતમુર્હૂત પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે,વિશ્વ નેતા અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકાસની રાજનીતિનો નવો ઈતિહાસ દેશમાં રચ્યો છે. વિકાસની આ રાજનીતિમાં રાષ્ટ્રહિત અને રાષ્ટ્ર રક્ષા સર્વોચ્ચ ગણીને રાષ્ટ્ર સેવા માટેની સજ્જ પેઢી તૈયાર કરવાની તેમની નેમ છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, બાળપણથી જ બાળકોમાં રાષ્ટ્ર ભાવના પ્રબળ બને અને બાળકો રાષ્ટ્રને સમર્પિત થાય તે માટે દેશમાં પ્રધાનમંત્રીએ ૧૦૦ સૈનિક સ્કૂલો શરૂ કરવાનો નિર્ધાર કર્યો છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, સંરક્ષણ સાથે સહકારની આગવી પ્રણાલીના ધ્યેય સાથે દેશના પ્રધાનમંત્રી અને દેશના સહકાર મંત્રીના માર્ગદર્શનમાં ગુજરાત આગળ વધી રહ્યું છે.તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રીનો નિર્ધાર રહ્યો છે કે સરકારના પ્રયાસો સાથે સમાજના પ્રયાસોને જોડવામાં આવે તો વિકાસની ગતિ બમણી થઈ જાય છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, કેન્દ્રીય સહકારમંત્રી અમિત શાહના માર્ગદર્શનમાં સહકાર ક્ષેત્રે ૩૬૦ ડિગ્રી આમુલ પરિવર્તન આવ્યું છે. દેશના વિકાસમાં ૨ લાખ ગ્રામીણ ડેરીઓ જોડી દૂધના વિકાસમાં પાંચ ગણો વધારો થાય એવા સંનિષ્ઠ પ્રયાસો થઈ રહ્યા છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, સહકારીતા ક્ષેત્ર આજે રાષ્ટ્રમાં અગ્રીમ હરોળમાં સ્થાન પામ્યુંછે. વિવિધ સહકારી મંડળીઓથી સહકારી ક્ષેત્રે સંકળાયેલા લોકોના વિકાસથી ભારત આર્થિક સમૃદ્ધિના શ્રેષ્ઠ મોડલ તરીકે દુનિયાભરમાં ઉભરી આવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, આજે ભારતની સીમાઓ અખંડ રહીછે તેનો શ્રેય પ્રધાનમંત્રી મોદીને અને કેન્દ્રિય ગૃહ મંત્રીને જાય છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દૂધસાગર ડેરીએ શ્વેત ક્રાંતિ સાથે રક્ષા ક્રાંતિની આગવી પહેલ ઊભી કરી છે. સહકારી સંસ્થા દ્વારા સંચાલિત દેશની પ્રથમ સૈનિક સ્કૂલ ગુજરાતમાંથી રાષ્ટ્રને મળવાની છે. પ્રધાનમંત્રી મોદીની પ્રેરણાથી ખેરવા, રાધનપુર, ખેરંચા અને સુરતના ઉમરપાડામાં સૈનિક સ્કૂલો શરૂ થઈ છે. રાજ્યમાં વધુ ૧૦ રક્ષાશક્તિ સ્કૂલો સામાજિક ભાગીદારીથી શરૂ કરવાની સરકારની નેમ છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓ, સામાજિક ન્યાય અધિકારીતાની શાળાઓ અને આદિજાતિ વિભાગની શાળાના બાળકો બાલાચડી સૈનિક સ્કૂલમાં પ્રવેશ પામે તો સરકાર દ્વારા વિના મૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે.

તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવમાં દેશની દીકરીઓ સૈનિક સ્કૂલમાં પ્રવેશની છુટ આપીને મોટી ભેટ આપી છે. જેનાથી આજે રાષ્ટ્રની દીકરીઓ "અફસર બિટિયા" બની રહી છે. મુખ્યમંત્રીએ અમદાવાદની અફસર બિટિયા આસ્થાનું ઉદાહરણ આપી દીકરીઓને પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, દેશના પ્રધાનમંત્રીશ્રી અને દેશના ગૃહ મંત્રી નેતૃત્વમાં સુ-રાજ્યની દિશામાં દેશ માટે જીવી જાણવાનો સર્વોપરીનો ભાવ રાષ્ટ્રમાં જાગ્યો છે.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, સાગર સૈનિક સ્કૂલ મહેસાણા ખાતે નિર્મિત થઈ રહી છે એ મહેસાણા માટે ગૌરવની વાત છે. ભવ્ય મકાન, ભવ્ય સગવડોથી ભવ્ય વિદ્યાર્થીઓ નિર્મિત થશે અને એના થકી રાષ્ટ્ર ભાવના પ્રબળ બનશે. દૂધ સાગર ડેરીના દ્વારા આ સૈનિક સ્કૂલ બનાવવામાં આવી રહી છે એ માટે દૂધસાગર ડેરી અભિનંદનને પાત્ર છે.

આરોગ્ય મંત્રીએ ઉમેર્યું હતું કે, દેશમાં સ્ટાર્ટ અપ, મેક ઈન ઈન્ડિયા થકી યુવાનો માટે નવી તકો પેદા થઈ છે. મેક ઈન ઈન્ડિયા થકી આજે રક્ષા ઉપકરણો ભારતમાં બનતા થયા છે તેમજ આજે ભારત રક્ષા ઉપકરણોનો નિકાસ કરનાર દેશ બન્યો છે. આજે દેશના ગૃહ મંત્રીના કારણે દેશની સીમાઓ સુરક્ષિત બની છે.

આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રીશ્રીનું સ્વપ્ન હતું કે દેશમાં ૧૦૦ કરતા વધારે સૈનિક સ્કૂલો હોય જે અંતર્ગત ગુજરાતમાં આ બીજી સૈનિક સ્કૂલ નિર્માણ થવા જઈ રહી છે જે ખરેખર સરાહનીય વાત છે. પશુપાલન થકી સમૃદ્ધિ અને હવે શિક્ષણ થકી સમૃદ્ધિનો માર્ગપ્રશસ્ત બન્યો છે.

આ પ્રસંગે દૂધ સાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરીએ જણાવ્યું હતું કે, દૂધ સાગર ડેરી માટે આજનો દિવસ એ ઐતિહાસિક દિવસ છે. આ સાગર સૈનિક સ્કૂલ થકી શિસ્તબદ્ધ અને સંસ્કારી વિદ્યાર્થીઓ તૈયાર થશે જે આગળ જઈને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપશે. દૂધ સાગર ડેરીએ પશુપાલનની સાથે સાથે હવે પ્રાકૃતિક ખેત પેદાશો દેશી ચણા, ઘઉં, બાજરી વગેરે ખરીદવાની શરૂઆત કરી છે. જેથી કરીને ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે અને તેનું ઉત્પાદન કરી રહ્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીનું સહકારી સંસ્થાઓ દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત "શબ્દ મોતી" બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. સાગર સૈનિક સ્કૂલના ઈ ખાતમુર્હુત પ્રસંગે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા, સંસદ સભ્ય શારદાબહેન પટેલ, રાજયસભા સંસદ સભ્ય જુગલજી લોખંડવાલા, પાટણ સંસદ સભ્ય ભરતસિંહ ડાભી, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રહલાદ પરમાર, ધારાસભ્ય સર્વે શ્રીઓ કીરીટભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, સરદારભાઈ ચૌધરી, સુખાજી ઠાકોર, કરશનભાઈ સોલંકી, જી.એસ.પટેલ, લક્ષ્મણજી ઠાકોર, અગ્રણી હરીભાઈ ચૌધરી પૂર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલ, અગ્રણી ગીરીશભાઈ રાજગોર, અગ્રણી મયંકભાઈ નાયક, સાગર ડેરીના વાઈસ ચેરમેન જશીબેન, જિલ્લા વિકાસ અધિકારી ડો. ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ અધિક્ષક અચલ ત્યાગી, દૂધ સંઘના બોર્ડ ઓફ ડાયરેકટર, સૈનિક સ્કૂલના કર્નલ, દૂરડાના ડિરેકટરો, બોરીયાવી ગામના ગ્રામજનો, સહકારી આગેવાનો તેમજ પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## કેન્દ્રિય ગૃહમંત્રીનું શું કહેવું છે

★ સાર્વજનિક જીવનમાં આદર્શ કાર્યકર્તા કેવો હોય તેનું ઉત્તમ ઉદાહરણ દૂધસાગર ડેરીના પ્રણેતા મોતીભાઈ ચૌધરી હતા

★ રાજ્યમાં જળક્રાંતિથી વિકાસક્રાન્તિની નેમ દેશના પ્રધાનમંત્રીએ સાકાર કરી છે

★ સાગર સૈનિક સ્કૂલ જ્ઞાન, રક્ષા, બહાદુરી અને રાષ્ટ્રસેવાથી બાળકોના જીવનમાં નવો ઉજાસ લાવશે

★ દેશભક્તિ અને શિસ્તના સંસ્કાર સાથેના નાગરિકો સૈનિક સ્કૂલમાંથી મળશે

★ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૯ વર્ષના સુશાસનમાં સહકારી સંસ્થાઓ- એન.જી.ઓ.-સેવાભાવી સંગઠનો-વ્યક્તિઓ સૌને દેશના વિકાસમાં સહભાગી કર્યા છે

★ દેશમાં પી.પી.પી. ધોરણે ૧૦૦ સૈનિક સ્કૂલ વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી સ્થપાશે

★ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રહિત અને રાષ્ટ્રરક્ષા સર્વોચ્ચ ગણીને રાષ્ટ્રસેવા માટે સજ્જ પેઢી તૈયાર કરવાની પ્રધાનમંત્રી મોદી નીપ્રતિબદ્ધતા

★ સુ-રાજ્યની દિશામાં દેશ માટે જીવી જાણવાનો રાષ્ટ્રહિત સર્વોપરિનો ભાવ લોકોમાં જાગ્યો છે

★ મહેસાણા જિલ્લાના બોરિયાવીમાં દૂધસાગર ડેરી સંચાલિત સૈનિક સ્કૂલ ૧૧ એકરમાં ૭૫ કરોડના અંદાજિત ખર્ચે આકાર પામશે.


## કેશોદમાં વાહન ચોરી પ્રકરણમાં આરોપીની મુદામાલ સાથે અટક કરતી પોલીસ

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૫

કેશોદ પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સંયુકત બાતમી રાહે હકિકત મળેલ કે બસ સ્ટેશન વિસ્તારમાં એક શંકાસ્પદ ઈસમ બુલેટ મોટર સાયકલ લઈ આટાફેરા મારેછે તેમ હક્કિત આધારે તુરતજ બસ સ્ટેશન વિસ્તારમાં જઈ તપાસ કરતા એક ઈસમ બુલેટ મોટર સાયકલ લઈ આટાફેરા કરતો મળી આવેલ જેને રોકાવી પુછપરછ કરતા બુલેટ મોટર સાયકલ રજી નં. જોતા જીજે-૨૩-ડીજી-૯૫૭૫ સાથે મળી આવેલ જે સદર ગાડીના આરટીઓ લગત કાગળો માંગતા નહી હોવાનું જણાવેલ અને પોતાનું નામ અર્જુન નાગજીભાઈ વાઘેલા જાતે, દેવી પુજક (ઉ.વ.૨૨) ધંધો.મજુરી રહે.વેડેસ ગામ, મોટીપાટી, દેવીપુજક વાસ તા.વેડેસજી.ભરૂચ વાળો હોવાનું જણાવેલ જેથી બુલેટ મોટર સાયકલ રજી નં.જીજે-૨૩-ડીજી-૯૫૭૫ જેની કિં.રૂ.૭૦,૦૦૦/-ને સી.આર.પી.સી ૧૦૨ મુજબ તેમજ મજકુરને ૪૧(૧), ડી, મુજબ ધોરણસર અટક કરી વધુ પુછપરછ કરી સદર ગાડીની ઈ-ગુજકોપમાંના માધ્યમથી તપાસ કરતા આણંદ જીલ્લાના બોરસદ તાલુકામાંથી બોરસદ પો.સ્ટે. ગુ.ર.નં- ૧૧૨૧૫૦૦૬૨૩૦૩૧૯/૨૦૨૩ઈ..પી.કો કલમ ૩૭૯ મુજબ ચોરાયેલ હોવાનં જણાય આવેલ, તથા કેશોદ ટાઉનમાંથી એક લાલ કલરનું સાઈન મોટર સાયકલ ત્રણ મહીના અગાઉ ચોરેલ હોવાનું જણાવેલ જે તપાસ કરતા રજી.નં-જીજ-૧૧-બીએફ-૪૨૨૩નું ચોરાયેલ જે બાબતે કેશોદ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૦૨૩૦૪૪૮/૨૦૨૩ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ. આમ બોરસદ પો.સ્ટે. તથા કેશોદ પો.સ્ટે.નો ગુન્હો મળી કુલ-૨(બે) અનડિટેકટ ગુન્હાઓ ડિટેકટ કરેલ છે.

## માંગરોળ નગરપાલિકા સફાઈ મામલે નિષ્ફળ : લોકોમાં રોષ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૫

પ્રજા પાસેથી સફાઈવેરો ઉઘરાવતી નગરપાલિકા સફાઈના મામલે સદંતર નિષ્ફળ નિવડી છે. ચારેબાજુ ગંદકીના ઢગલા અને માખી, જીવજંતુઓના ભારે ઉપદ્રવ વચ્ચે રોગચાળાનો ખતરો મંડરાઈ રહ્યો છે. પાલિકામાં કોઈ સાંભળતું ન હોવાના આક્ષેપ સાથે રહેવાસીઓએ મામલતદાર સમક્ષ વ્યથા ઠાલવી આવેદન પાઠવ્યું હતું.

છેલ્લા કેટલાક દિવસથી વરસાદી ઝાપટાં વરસતા વિવિધ વિસ્તારોમાં એકઠા થયેલા કચરાના ઢગલામાંથી માથું ફાટી જાય તેવી દુર્ગંધ ફેલાઈ રહી છે. શહેરના કામનાથ રોડ, સિરાજ રોડ, સેક્રેટરી રોડ, જુના બસ સ્ટેન્ડ, માંડવી ગેઈટ, પાણીના ટાંકા પાસે, બહારકોટ ઉપરાંત અનેક સોસાયટીઓમાં દિવસોથી સફાઈ જ ન થઈ હોય તેવી બદતર હાલત છે. અનેક વિસ્તારોમાં પ્રિમોન્સુનની કામગીરી જ હાથ ધરવામાં આવી ન હોવાના આક્ષેપ ઉઠ્યા છે. ગંદા પાણી અને સડેલા કચરાથી નાલા ખદબદી રહ્યા છે. પરિણામે વરસાદ પડતાં જ તેમાંથી બદબુ ફેલાવતા પાણી રસ્તા પર વહેછે. સફાઈના અભાવે પાણીના નિકાલ માટે જમીનમાં કરવામાં આવેલા અનેક બોર બંધ હાલતમાં છે.

સફાઈ અને સ્વચ્છતા માટે કોઈ તંત્ર જ અસ્તિત્વમાં ન હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આઉટસોર્સિંગના સફાઈ કર્મીઓને નિયત એજન્સી પુરતું અને નિયમિત વેતન ન આપતા હોવાના આક્ષેપો વચ્ચે જુજ સફાઈ કર્મીઓ અને ન.પા.ના મર્યાદિત કાયમી સફાઈ કામદારોથી શહેરમાં સફાઈનું જેમતેમ ગાડું ગબડાવવાઈ રહ્યું છે. આરોગ્યના પ્રશ્ને આગેવાનોનું ભેદી મૌન લોકોને અકળાવી રહ્યું છે. ત્યારે સફાઈના મામલે નક્કર કામગીરી હાથ ધરવા લોકોમાંથી ઉગ્ર માંગ ઉઠી છે.

## સુરતમાં વરાછા પોલીસ સ્ટેશન હેઠળ ખૂન કરી નાસી છુટેલ આરોપીને ઉના પોલીસે ગાંગડા ગામ પાસેથી ઝડપી લીધો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૫

ઉનાના ખત્રીવડા ગામે રહેતા મનીષ રામભાઈ શિયાળ સુરત વરાછા પોલીસ સ્ટેશન હેઠળ ખૂન અને વિવિધ ગંભીર ગુનાનો આરોપી નાસ્તો ફરતો હોય જિલ્લા પોલીસ વડા જાડેજા ડી. વાય. એસ.પી. ખેંગાર અને ઉનાના પોલીસ ઈન્સ્પેકટર ગૌસ્વામીની સૂચના અને માર્ગદર્શન હેઠળ પી. એસ. આઈ. જાડેજાએ. એસ. આઈ.ડી. એમ. પરમાર, પી.એચ. રાયજાદા, ધર્મેન્દ્રસિંહ પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે આરોપી ગાંગડા ટીંબી હાઈવે રોડ ઉપર હોટલ પાસે ઊભો છે. તુરંત પહોંચી પકડવા જતાં ભાગવા જતા પોલીસે પકડી ઉના પોલીસ સ્ટેશને લાવતા પોલીસે સુરત વરાછા પોલીસ સ્ટેશનને જાણ કરતા પોલીસ લેવા આવી રહી છે. ઉના પોલીસે સુરતના ખૂનના ગુનાનો આરોપી પકડી સફળતા મેળવી હતી.

## દ્વારકા પીજીવીસીએલ તાબા હેઠળના કોન્ટ્રાક્ટર્સ દ્વારા માંગ નહી સ્વીકારતા આવેદનપત્ર પાઠવી અચોક્કસ મુદતની હડતાલ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૫

બીપરજોયવાવાઝોડાને લીધે દેવભૂમિ દ્વારકા જિલ્લાને ભારે પવન અને વરસાદને લીધે વ્યાપક અસર થઈ હોય રાજ્યભરમાંથી પીજીવીસીએલ દ્વારા કોન્ટ્રાક્ટરને કાર્યરત કરાયેલ હોય જેઓની માંગ ન સ્વીકારતા કોન્ટ્રાક્ટર્સ યુનિયન એસોસિયન દ્વારા પીજીવીસીએલ કચેરીએ આવેદનપત્ર પાઠવી અચોક્કસ મુદતને હડતાલ જાહેર કરેલ છે. કોન્ટ્રાક્ટર્સ યુનિયનના અગ્રણીના જણાવ્યા અનુસાર બીપરજોય વાવાઝોડા અનુસંધાને દ્વારકા પીજીવીસીએલના તાબા હેઠળ દ્વારકા, કલ્યાણપુર, ભાટિયા અને ઓખા સબ ડિવિઝનમાં રાજ્યભરમાંથી કોન્ટ્રાક્ટર્સની ૧૪૦ ટીમો કાર્યરત છે. જેમાં ૪૫૦થી લેબર હાયર કરાયા હોય જેઓ દ્વારા ચારેય સબ ડિવિઝનના ૧૪૦ જેટલા ગામડાઓમાં કામો હાથ ધરાયા છે. નિયમ અનુસાર ૪૮ કલાકમાં બિલની ચુકવણી કરવાનું હોય જેની સામે અનેક મૌખિક રજૂઆતો કરવા છતાં ૨૨ દિવસથી કોન્ટ્રાક્ટરના બિલ પાસ થયેલ ન હોય લેબલ ચૂકવવું ડીઝલના ખર્ચા વર્ક ઓર્ડર જેવી પ્રાથમિક માંગણીઓ ન સંતોષતા કોન્ટ્રાકટર્સ યુનિયનના પ્રમુખ ઉપપ્રમુખને ઉપસ્થિતિમાં દ્વારકા પીજીવીસીએલ કચેરી આવેદનપત્ર પાઠવી જ્યાં સુધી તેઓની મુખ્યત્વે બિલના ચુકવણા વર્કઓર્ડરની ફાળવણી સહિતની અલગ અલગ માંગો ન સ્વીકારાય ત્યાં સુધી ના છૂટકે અચોક્કસમુદતની હડતાલ સાથે કામ બંધ કરેલ હોવાનું જણાવ્યું હતું.

## દ્વારકા : આવતીકાલે મંત્રી ભૂપેન્દ્ર યાદવના હસ્તે રોપા વિતરણ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૫- જૂન વિશ્વ પર્યાવરણ દિવસનાં રોજ દરિયાકાંઠાના રક્ષણ માટે મેન્ગ્રૂવ ઈનિશિયેટિવ ફોર શોરલાઈન હેબિટસ એન્ડ ટેન્ગીબલ ઈક્મ્સ(MISHTI) પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવેલ હતો. તે પ્રોગ્રામ અંતર્ગત આવતીકાલે તા.૬ જુલાઈના રોજ સવારે ૮ વાગ્યે દ્વારકા રૂક્ષ્મણી મંદિર સામે હેલીપેડ પાસે **MISHTI** પ્રોગ્રામ અંતર્ગત મેંગરૂ(ચેર)ના રોપાનું વાવેતર ભુપેન્દ્ર યાદવ યુનિયનમિનિસ્ટર ફોર એન્વાયરમેન્ટ, ફોરેસ્ટ એન્ડ કલાઈમેન્ટ ચેન્જ, લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ભારત સરકારનાં વરદ હસ્તે શુભારંભ થશે. આ પ્રસંગે મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પુનમબેન માડમ અને ધારાસભ્ય પબુભા માણેક ઉપસ્થિત રહેશે.

## ભાણવડના ગુંદા ગામે વીજશોક લાગતા ભાઈ-બહેનના કરૂણ મૃત્યું



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ભાણવડ તાબેના ગુંદા ગામે રહેતા અને મૂળ મધ્યપ્રદેશના શ્રમિક પરિવારના બે ભાઈ-બહેન ગઈકાલે મંગળવારે ઘાતક વીજશોકનો ભોગ બન્યા હતા. આ કરૂણ બનાવની પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ મૂળ મધ્ય પ્રદેશ રાજ્યના ધરણીયા ગામના વતની અને હાલ મોટા ગુંદા ગામે રહેતા એક આસામીને ત્યાં કામ કરતા વિનોદભાઈ બાબુડાભાઈ ડામોર નામના ૧૮ વર્ષના યુવાન તથા તેમના પત્ની મંગળવારે બપોરે આશરે એકાદ વાગ્યે પોતાના ઘરે જમવા બેસતા હતા. ત્યારે તેઓને આ સ્થળે હળવા વિજ આંચકાનો અનુભવ થયો હતો. બાદમાં આ સ્થળેથી નીકળી જવા માટે સૌપ્રથમ વિનોદભાઈના પત્ની બહાર નીકળ્યા હતા. ત્યારબાદ પાછળ વિનોદભાઈ તથા તેમની ૧૩ વર્ષની બહેન પ્રિયંકા નીકળવા જતા આ બંને ભાઈ-બહેનને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. જેથી બંનેને મૂર્છિત અવસ્થામાં સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ ઉપરના તબીબોએ બંનેને મૃત્યું પામેલા જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતક વિનોદભાઈના પત્ની વેસ્તીબેને ભાણવડ પોલીસમાં જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## હાઈકોર્ટે ૨૦૧૩ના કેસમાં આસારામની પત્ની અને પુત્રીને નોટીસ ફટકારી

અમદાવાદ, તા.૫ : સગીરા પર રેપ કેસમાં જેલ જિંદગી કાપી રહેલો ભ્રષ્ટ અને રેપિસ્ટ આસારામના પરિવારની મુશ્કેલી વધી છે. ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૩ના રેપ કેસમાં આસારામની પત્ની,, પુત્રી અને ત્રણ મહિલા શિષ્યોને નોટિસ ફટકારી છે. આ કેસમાં મહિલાઓને નિર્દોષ જાહેર કરવામાં આવી હતી, જ્યારે આસારામને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી પરંતુ હવે આ પાંચ મહિલાઓના છૂટકારા સામે દાખલ અપીલ પર તેમને નોટીસ આપવામાં આવી છે એટલે આ કેસ નવેસરથી શરૂ થાય તો નવાઈ નહીં. જસ્ટિસ એ.વાય. જસ્ટિસ એ કે કોગજે અને જસ્ટિસ હસમુખ સુથારની ડિવિઝન બેન્ચે આસારામની પત્ની લક્ષ્મી અને પુત્રી ભારતી સહિત પાંચ મહિલાઓને નોટિસ ફટકારી હતી.

## ઓન્લી ઈન્ડિયન વન મેન એનજીઓ દ્વારા તાલપત્રી છત્રીનું વિતરણ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ દરમ્યાન જરૂરીયાતમંદ લોકોને ઓન્લી ઈન્ડિયન વન મેન એનજીઓ દ્વારા તાલપત્રી તેમજ છત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું અને આ રીતે સેવાકીય કાર્ય કરી મદદ કરી હતી.

# જૂનાગઢ જીલ્લાના અનસંગ હીરો- સ્વતંત્રતા સેનાનીઓનું જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સન્માન

## આજની પેઢી આઝાદીના લડવૈયાના જીવન-સંઘર્ષને જાણે તે ખૂબ જરૂરીઃ કલેકટર અનિલકુમાર રાણાવસિયા

### સ્વતંત્રતા સેનાની શંભુપ્રસાદ ઓજા, છેલશંકર પાઠક, લાભશંકર દવે અને કે.બી. ઉપાધ્યાય વતી તેમના પરિવારજનોએ સન્માન સ્વીકાર્યું





જૂનાગઢ, તા.૫

જૂનાગઢ જિલ્લાના સ્વતંત્રતા સેનાની શંભુપ્રસાદ ઓઝા, છેલશંકર પાઠક, લાભશંકર દવે અને કે.બી. ઉપાધ્યાયનું કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં આઝાદી કા અમૃત મહોત્સવના ઉપલક્ષ્યમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ અનસંગ હીરોનું શાલ-સ્મૃતિચિન્હ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. આ સન્માન તેમના વતી તેમના પરિવારજનોએ સ્વીકાર્યું હતું. કલેકટર કચેરી ખાતે આયોજિત આ સમારોહમાં મેયર ગીતાબેન પરમાર અને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં દેશની આઝાદીમાં યોગદાન આપનાર જૂનાગઢના લડવૈયાઓના સ્વાતંત્ર સંગ્રામ વખતના સ્મરણો તાજા કરાયા હતા. જૂનાગઢના સ્વતંત્રતા સેનાનીના મુખે સાંભળેલ તેમના પરિવારજનોએઆઝાદી માટેના સંઘર્ષ, જેલવાસ વગેરેને વાગોળ્યા હતા. આ પ્રસંગે કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું કે, આજની પેઢી આઝાદીના લડવૈયાઓના જીવન-સંઘર્ષ જાણે તે ખૂબ જરૂરી છે તેમણે કહ્યું કે, દેશની આઝાદી માટે ઘણાં લડવૈયાઓ સ્વાર્થ વગર હોમાઈ ગયા ત્યારે, સ્વતંત્રતાની ખુલ્લી હવા માણી શકીએ છીએ. આજે સ્વતંત્રતાના પરિણામે ભારત દેશ ગરીબીમાંથી બહાર એક ઉભરતી અર્થવ્યવસ્થા સમગ્ર વિશ્વમાં પ્રસ્થાપિત થયો છે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું વિદેશોમાં આજે ઉમેળકાભેર સ્વાગત થઈ રહ્યું છે, દેશનું સન્માન વધ્યું છે. તેના મૂળમાં દેશના સ્વતંત્રતા સેનાનીઓ પણ છે.

આ સ્વતંત્રતા સેનાનીઓએ દેશ માટે તન-મન-ધન બધું જ અર્પણ કરી દીધું હતું. તેમનું ઋણ તો ચૂકવી શકાય તેમ નથી. પણ સાદર વંદન સાથે તેમનામાંથી પ્રેરણા મેળવીએ. તેમ તેમણે અંતમાં જણાવ્યું હતું

આ સન્માન સ્વીકારવા માટે શંભુપ્રસાદ ઓઝા વતી અનિલભાઈ જોશી તેવી જ રીતે છેલશંકર પાઠકના ધર્મપત્ની કાંતાબેન, લાભશંકર દવેના પુત્ર કૃષ્ણકુમાર, કે.બી. ઉપાધ્યાયના ધર્મપત્ની ચંપાબેન ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, નિવાસી અધિક કલેકટર પી. જી. પટેલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા, જિલ્લા રમત ગમત અધિકારી વિશાલ દિહોરા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર સોમનાથનાં જીવાદોરી સમો હિરણ-૨ ડેમ છલકાયો

## ડેમનો એક દરવાજો અડધો ફુટ ખોલાયો, સ્થાપનાથી અત્યાર સુધી ૨૯ વખત છલકાયો





(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૫

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર સોમનાથ દાદાની ભૂમિ વેરાવળ- પાટણ અને પાણી પુરવઠા ગ્રામ યોજના સહિત ૨૩૪ ગામો અને ૭ સંસ્થાઓન પાણી પુરૂ પાડતો જીવાદોરી સમો હિરણ-૨ ડેમ ગઈકાલે બપોરે બે વાગ્યે છલકાતા ડેમનો એક દરવાજો અડધો ફુટ ખોલવામાં આવ્યો. નાયબ ઈન્જીનીયર સીંચાઈના માર્ગદર્શન હેઠળ મદદનીશ ઈન્જીનીયર નિર્મલ સિંધલ અને નરેન્દ્ર પીઠીયા ડેમ ઉપર સતત કાર્યરત છે. નિર્મલ સિંધલ કહે છે. તાલાળા પાસો ઉમરેઠી નજીક આ ડેમનું બાંધકામ ૧૯૭૬માં શરૂ થયું અને ૧૯૮૦થી પાણી ભરવાનું શરૂ થયું. આ ડેમ માત્ર વર્ષ ૨૦૦૨ અને ૨૦૧૨ માં છલકાયો ન હતો અને બાકીના વરસોથી છલકારોત રહેલ છે. ગઈકાલે છલકાયેલ ડેમ સ્થાપના પછી ૨૯મી વાર છલકાયો છે. ડેમ અંગે સમજણ આપતા નિર્મલ સિંધલ કહે છે આ ડેમનું લેવલ ૭૦.૭૫ મીટર છે અને ઉંડાઈ ૮.૩૩ મીટર છે અને પાણીનો જીવંત પ્રવાહ ૩૧.૫૧૯ મીલીયન મીટર છે અને હાલ આવક ૫૭૨ કયુઝેક છે. હાલ ડેમ ૯૨ ટકા ભરાયો છે અને ૮ ટકા બાકી રખાયો છે. સલામતીનું રૂલ લેવલ જાળવવા ચોમાસા પ્રારંભે આખે આખો ભરાતો નથી. ૧ ઓગષ્ટથી ૧૦૦ ટકા ભરાશે. બિપરજોય વાવાઝોડાને કારણે વરસાદ વહેલો થયો અને સારી માત્રામાં થયો અને વાવાઝોડા બાદ પણ સારો વરસાદ થયો જેથી ડેમ સાઈટ ઉપર ૪૮૯ એમ.એમ. વરસાદ થયો અને ગીરમાં થયેલ વરસાદનું પાણી ડેમમાં આવ્યું.

આ ડેમની ડિઝાઈન ૫૦ વર્ષ્%ને અનુલક્ષી સરેરાશ ૯૧૫ મીમી કરાયેલ છે જેમાં ૫૦ ટકાથી વધારે વરસાદ તો જુલાઈ પ્રારંભ સુધીમાં થઈ ગયો અને ચોમાસાના દિવસો તો હજુ બાકી છે. ડેમ ૪૩૪ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલ છે જેની કુલ ક્ષમતા ૩૮.૫૮૧ મીલીયન ઘનમીટર છે. ડેમના દરવાજો ખુલ્યા બાદ પણ રાઉન્ડ ધ કલોક સિંચાઈ વિભાગ સ્ટાફ નજર રાખતો રહે છે અનો જળસપાટીમાં વધારો કે થતો ફેરફાર અનુલક્ષી વધુ દરવાજા ખોલવા બંધ કરવા નકકી કરાતું હોય છે. ડેમનું પાણી છોડતા પહેલા પ્રથમ વોર્નીંગ પત્ર જાહેર કરાયો જે જીલ્લા વહીવટીતંત્ર અને પોલીસ તંત્રને પાઠવાયો જેમાં ઉલ્લેખ કરાયો કે બપોરે બે વાગ્યે ડેમનો દરવાજો ખુલવામાં આવશે માટે નીચાણવાળા અને ડેમ જળ પ્રવાહ વહેવાના અસરગ્રસ્ત ગમો જેવા કે તાલાળા નજીકના ત્રણ ઉમરેઠી, માલજીંજવા, સોમરવાવ, વેરાવળ તાલુકા અગીયાર જેમાં ભેરાળા, મંડોર, ઈશ્વરીયા, ઈન્દ્રોઈ, નાવદ્રા, સોનારીયા, સવની, બાદલપરા, મીઠાપુર, કાજલી, પ્રભાસ પાટણ ગામોને નદીન પટમાં ન જવા કે પશુઓ દુર રાખવા જણાવાયેં અનો હાઈએલર્ટ સાથે જળપ્રવાહ છોડાયો જે હજુય હાઈએલર્ટ ઉપર જ રહેશે.

# મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

## જૂનાગઢ જીલ્લા મથકે તા.૨૭ જુલાઈ તથા તાલુકા મથકે તા.૨૬ જુલાઈ યોજાશે ફરિયાદ નિવારણ કાર્યક્રમ

જૂનાગઢ, તા.૫

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તા.૨૭/૭/૨૦૨૩ને ગુરૂવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે અને તા.૨૬/૭/૨૦૨૩ને બુધવારે સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. લોકોને જિલ્લા મથકે આવવું ન પડે તે માટે ગામના તલાટીને દર મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં તેમના પડતર પ્રશ્નો રજૂ કરી શકાશે.

જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો કલેક્ટર કચેરી, જૂનાગઢ અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને તા.૧૦/૭/૨૦૨૩ સુધીમાં સીધા પણ રજૂ કરી શકશે.

આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં મુદત બાદની અરજી, અસ્પષ્ટ રજૂઆતવાળી અરજી, એક કરતા વધુ વિભાગ, કચેરીના પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજી, નામ-સરનામા વગરની અરજી, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજી, નિતિ-વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીઓના સેવા વિષયક પ્રશ્નો કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવા પાત્ર કેસો વાળી અરજી, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધીત કચેરી/ખાતાનો એકપણ વાર સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્નો, અગાઉના સ્વાગતા કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહીં,

જૂનાગઢ જિલ્લા કક્ષાના પ્રશ્નો જિલ્લા કલેક્ટર કચેરી, જૂનાગઢ ખાતે તા.૨૭૭/૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે કલેકટર કચેરીના સભાખંડમાં કલેક્ટર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે. જ્યારે તાલુકા કક્ષાના પ્રશ્નો મામલતદાર કચેરી ખાતે તા.૨૬૭/૨૦૨૩ બુધવાર ના રોજ સવારના ૧૧ કલાકે મામલતદાર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેકટરની યાદીમાં જણાવાયું છે.

# ૧૮ જુલાઈ મંગળવાર અને પુષ્ય નક્ષત્રના દિવસથી પુરૂષોતમ માસનો પ્રારંભ

અધિક શ્રાવણ સુદ એકમને મંગળવાર તા.૧૮/૭/૨૦૨૩ના દિવસે આખો દિવસ-રાત્રી પુષ્ય નક્ષત્ર છે. પુષ્ય નક્ષત્રને ધર્મ, પુજા, પાઠ, જપ, તપ માટે ઉતમ ફળ આપનાર ગણાય છે. આમ પુરૂષોત્તમ માસના પહેલા દિવસે જ પુષ્ય નક્ષત્ર હોય આ વર્ષે પુરૂષોત્તમ માસ ઉત્તમ ફળ આપનાર ગણાશે. પાછલો પુરૂષોત્તમ માસ ૨૦૨૦માં ૩૪ મહિના પહેલાઅને આસો માસ તરીકેઆવેલ અન શ્રાવણ માસ તરીકે પુરૂષોત્તમ માસ ૨૦૦૪માં ૧૯ વર્ષ પહેલા આવેલ આથી શ્રાવણ માસ તરીકે પુરૂષોત્તમ માસનો લાભ આસરે ૧૯ વર્ષ પછી મળશે.

પુરૂષોત્તમ માસનુ ગણીત

અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે ૩૬૫ દિવસ અને ૬ કલાકનું એક વર્ષ થાય છે. જયારે આપણા હિન્દુ શ્રેષ્ટ પંચાગ પ્રમાણે ૩૫૪ દિવસનું એક વર્ષ થયા છે. આમમ ૧૧ દિવસનો ગેપ રહેછે. આથી આપણા પચાંગ પ્રમાણે દર ત્રણ વર્ષ પુરૂષોત્તમ માસ આવે છે.

બધાજ વાર મહિનાના દેવતાઓ સ્વામિ તરીકે છે પરંતુ અધિક માસના સ્વામિ કોઈ હતા નહીં આથી ભગવાન વિષ્ણુ પોતે અધિક માસના સ્વામિ બને છે અને પોતાનું નામ પુરૂષોત્તમ આપે છે. પોતાના બધાજ ગુણો અને ફળ આ અધિક મહિનાને આપે છે અને ભગવાન વિષ્ણુ પોતે કહે છે. પુરૂષોત્તમ માસ દરમ્યાન હું પોતે પૃથ્વી ઉપર રહીશ અને ભકતોની પીડા દુર કરશે.

પુરૂષોત્તમ માસ દરમ્યાન લગ્ન, જનોઈ, વાસ્તું જેવા શુભકાર્યો થતા નથી પરંતુ આ મહિના દરમ્યાન ભગવાનની પુજા - પાઠ, જપ, ભકિત, દાન અનંત ગણુ ફળ આપનાર બને છે. પુરૂષોત્તમ માસમાં મંડળ પુરવુ, સાત ધાન્યના સાથીયા કરી પુજા કરાવી ઘડાનું દાન સંપુટ દાન ધાન્ય દાન વસ્ત્ર અલંકારનું દાન, સત્યનારાયણ ભગવાનની કથા. પુરૂષોત્તમ માસનો કથા, ભાગવન કથા, ભકિત કિર્તન બહુજ શુભ તથા તુરંત ફળ આપનાર બને છે.

પુરૂષોત્તમ માસ દરમ્યાન જીવનની કોઈ પણ મુસીબતના નિવારણ માટે આખા મહિના દરમ્યાન શ્રીકૃષ્ણ ભગવાનની છબી રાખી દિવો અગરબતી કરી અને ત્યારબાદ શ્રીકૃષ્ણ શરણમમ.. મંત્રના જપ આખો અધિક માસ દરમ્યાન કરવાથી મુસીબત દુર થાય છે તે ઉપરાંત માનશીક અને શારીરીક બીમારી માટે ૐ નમો ભગવતે વાસુદેવાય મંત્રના જપ કરવાથી જીવનમાં રાહત મળશે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહેલું છે મારૂ શરણુ લેવાથી જીવનમાં જરૂર રાહત મળશે. આમ પુરૂષોત્તમ મહિના દરમ્યાન કરેલી ભકિત અને કથા શ્રવણ તુરંત લાભ આપે છે. આખા પુરૂષોત્તમ માસ દરમ્યાન ઉપવાસ અથવા તો એકટાણા રહેવા જોઈએ. પુરૂષોત્તમ માસની શરૂઆત તા.૧૮/૭/૨૦૨૩ મંગળવારથી પુર્ણાહુતી તા.૧૬/૮/૨૦૨૩ બુધવારે તથા નિજ શ્રાવણ માસની શરૂઆત તા.૧૭/૮/૨૦૨૩ને ગુરૂવારે અને પૂર્ણાહુતી ૧૫/૯/૨૦૨૩ને શુક્રવારે થશે.

પુરૂષોત્તમ માસમાં આવનાર શુભ ઉત્તમ દિવસોની યાદી (દાન પુણ્ય જપ, તપ માટે)

(૧) વ્યતિપાત યોગ : તા.૨૦/૭/૨૦૨૩ ગુરૂવારે સવારે ૧૧:૨૨ થી તા.૨૧/૭/૨૦૨૩ શુક્રવારે બપોરે ૧૨:૨૪ સુધી (૨) કમલા એકાદસી તા.૨૯/૭/૨૦૨૩ શનિવારે (૩) વૈધૃતિયોગ : તા.૩૦/૭/૨૦૨૩ રવિવારે સુર્યોદયથી રાત્રીના ૩ વાગ્યા સુધી (૪) પુનમ : તા.૧/૮/૨૦૨૩ને મંગળવાર, (૫) બુધવાર અને સિધ્ધીયોગ : વિષ્ણુ ભગવાનનો વાર બુધવાર ગણાતો હોવાથી તા.૯/૮/૨૦૨૩ને બુધવારે સુર્યોદયથી રાત્રીના ૨ વાગ્યા સુધી દન પુણ્ય, પુજા, પાઠ માટે દિવસ શુભ છે, (૬) કમલા એકાદશી તા.૧૨/૮/૨૦૨૩ને શનિવાર, (૭) વ્યતિપાત યોગ : તા.૧૪/૮/૨૦૨૩ સોમવારે બપોરે ૪:૪૦થી તા.૧૫/૮/૨૦૨૩ મંગળવારે સાંજે ૫:૩૨ સુધી (૮) બુધવારી અમાસ : તા.૧૬/૮/૨૦૨૩ બુધવારે પુરૂષોત્તમ માસની પુર્ણાહુતી.

પુરૂષોત્તમ માસ તથા નીજ શ્રાવણ માસ આ બન્ને શ્રાવણ માસના સોમવારે પણ શિવપુજા પણ કરી શકાય છે.

અધિક માસના સોમવારની યાદી

(૧) સોમવાર તા.૨૪/૭/૨૦૨૩
(૨) સોમવાર તા.૩૧/૭/૨૦૨૩
(૩) સોમવાર તા.૭/૮/૨૦૨૩
(૪) સોમવાર તા.૧૪/૮/૨૦૨૩

નિજ શ્રાવણ માસના સોમવારની યાદી

(૧) સોમવાર તા.૨૧/૮/૨૦૨૩
(૨) સોમવાર તા.૨૮/૮/૨૦૨૩
(૩) સોમવાર તા.૪/૮/૨૦૨૩
(૪) સોમવાર તા.૧૧/૮/૨૦૨૩

- શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા જસદણ તાલુકામાં ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૫

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશ મહામંત્રી અને સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ તેમજ યુવા સાંસદ વિનોદભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા નિયુકત યુવા રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવેની સુચના અનુસાર રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માકડીયાના માર્ગદર્શનમાં રાજકોટ જીલ્લામાં



જસદણ તાલુકામાં ગુરૂવંદનાનો કાર્યક્રમ ૧૬૦૦ વર્ષ જુન ડુંગરપુર હનુમાન મંદિર ખાતે યોજાયો, રાજકોટ જીલ્લા ભાજપ મંત્રી અને જસદણ તાલુકા ભાજપ પ્રભારી મનોજ રાઠોડએ ડુંગરપુર હનુમાન મંદિર મહંત હરીહરાનંદજીને વંદન કરી શાલ ઓઢાડી આશીર્વાદ લીધા. આ ગુરૂવંદના કાર્યક્રમમાં રાજકોટ જીલ્લા ભાજપ મંત્રી અને જસદણ તાલુકા ભાજપ પ્રભારી મનોજ રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ ભાવેશભાઈ વેકરીયા, મહામંત્રી વનારાજભાઈ ખીટ, મહિલા મોરચા પ્રમુખ વિણાબેન, અનુ.જાતી મોરચા પ્રમુખ જીતુભાઈ દાફડા, મહામંત્રી દેવકુભાઈ દાફડા, જીલ્લા મહિલા અગ્રણી ચંપાબેન મારૂ, વલ્લભભાઈ રાજપરા, તાલુકાભરના સંગઠનના હોદેદ્દારો ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારના ઘાંટવડ ગામે ગુરૂ પૂર્ણિમારના ડાયરાના પ્રોગ્રામમાં દેશ ભક્તિ ગીત ઉપર ચલણી નોટોનો વરસાદ

(મુગલ અલ્તાફ દ્વારા) કોડીનાર, તા.૫

કોડીનાર તાલુકાનાં ઘાંટવડ ગામમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુરૂપૂર્ણિમાનાં અવસર પ્રસંગે લોક ડાયરાનો પ્રોગ્રામ યોજાયો હતો. નામી અનામી કલાકારોએ હાજરી આપી હતી જેમાં ઘાંટવડ રૂદ્રેસ્વર ભરતી આશ્રમનાં મહંત ઈન્દ્રભારતી મહારાજ દ્વારા આ પ્રોગ્રામ આયોજન કરવામાં આવ્યું હતું. લોક ડાયરામાં ઉમેશ બારોટ તથા નીતિન બારોટ તથા અન્ય વર્લ્ડ ફેમસ લોક ગાયકોએ હાજરી આપી હતી અને દેશ ભક્તિનાં ગીતોની રમઝટ બોલાવી કોમી એકતા અને ભાઈચારાનો માહોલ બનાવ્યો હતો જેમાં કોડીનાર નગરપાલીકાનાં પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી તથા ઘાંટવડ ગામના સરપંચ અબ્દુલભાઈ મહેતર દ્વારા દેશ ભક્તિનાં ગીતમાં રંગે રંગાઈ ગયા હતા અને



લાખો રૂપિયાની ચલણી નોટોનો વરસાદ જોવા મળ્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

## સામાજીક, આર્થિક, સાંસ્કૃતિક વિકાસ માટે કામ કરો તો ભારત બનશે વિશ્વની મહાશકિત


તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વાર ભોપાલમાં ભાજપ બૂથ સ્તરીય કાર્યકર્તા પ્રશિક્ષણ કાર્યક્રમમાં આપવામાં આવેલ સંબોધન અસાધારણ હતું. જેમ જેમ વડાપ્રધાન બોલી રહ્યા હતા તેમ તેમ પાર્ટી નેતાઓ, કાર્યકર્તાઓ અને સમર્થકોની અંદર રોમાંચનો ભાવ પેદા થઈ રહ્યો હતો. તેમાં ઉઠાવવામાં આવેલા મુદ્દા એવા હતા જેમના પર સ્વતંત્રતા બાદથી અત્યાર સુધી આટલા આક્રમક થઈને સ્પષ્ટતાથી વડાપ્રધાન તો છોડો, કોઈરાજકીય નેતા સુદ્ઘાં પણ બોલવાનું સાહસ નથી કરી શક્યા. વડાપ્રધાન મોદીએ સમાન નાગરિક સંહિતા, ત્રણ તલાક, મુસ્લિમ સમાજની અંદર બહુસંખ્યક પસમાંદા વગેરે પર વાતચીત કરી. આપણા દેશની રાજનીતિનું મૂળ ચરિત્ર મુસલમાનો સાથે જોડાયેલા મુદ્દા પર બોલવા અને પગલું ભરવાથી બચવાનું રહ્યું છે. એને કારણે ગંભીરતાથી ક્યારેય મુસ્લિમો સાથે જોડાયેલા મુદ્દાઓપર ન ચર્ચા થઈ કે ના સરકારોએ સાહસ કરીને પગલાં ભરવાનો ક્યારેય વિચાર કર્યો.


વડાપ્રધાનના નિવેદન બાદથી આખા દેશમાં હલચલ મચી ગઈ છે. સમાન નાગરિક સંહિતા સંપૂર્ણ ભારતની તસવીરમાં એવો વિષય નથી, જેને અલગથી આરોપિત કરી દેવામાં આવે. સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક સમાનતા, સમતાપૂર્ણ ભારતના નિર્માણની દષ્ટિએ સમાન નાગરિક સંહિતાનું સાકાર થવું અનિવાર્ય છે. બંધારણ નિર્માતાઓદ્વારા નીતિ નિર્દેશક તત્ત્વોમાં તેને લ-ય જાહેર કરવા તથા ન્યાયાલયો દ્વારા વારંવાર યાદ અપાવવા છતાં સરકારો તેનાથી બચતી રહી છે. વડાપ્રધાન યોગ્ય જ કહ્યું કે તેના નામ પર કેટલાક પક્ષો મુસ્લિમ ભાઈ-બહેનોને ભડકાવી રહ્યા છે. તેમનો આ પ્રશ્ન બિલકુલ યોગ્ય હતો કે એક ઘર, એક પરિવારમાં બધા માટે અલગ-અલગ કાયદો હોય તો શું તે ચાલી શકશે? કમ્યુનિસ્ટ પાર્ટીઓના એજન્ડામાં સમાન નાગરિકસંહિતા રહી છે અને સમાજવાદીઓની એક મોટી ધારા પણ તેના પક્ષમાં હતી. આજે લાગેછે કે જાણે એવું કરવું કોઈ એક મજહબ વિરુદ્ઘ હશે. પસમાંદા મુસ્લિમો તરફ નજર દોડાવો તો મુસ્લિમ સમાજમાં બહુસંખ્યક હોવા છતાં જાતિભેદ અને અસમાનતા તેમના માટે અભિશાપ બનેલો છે. મજહબ બદલીને પણ તેઓ મુસલમાનો વચ્ચે સામાજિક, આર્થિક અને શૈક્ષણિક તમામ દષ્ટિએ પાછળ છે. બધી પાર્ટીઓ, બુદ્ઘિજીવી, એક્ટિવિસ્ટ તેને જાણે છે, પરંતુ આ મુસ્લિમ સમાજ સંબંધી છે તેથી કોઈ સાહસ નથી કરતું. નીતિશ કુમારે પસમાંદાનો વિષય ઉઠાવ્યો તો લ-ય સામાજિક ન્યાય સ્થાપિત કરવાને બદલે માત્ર વોટ લેવાનો હતો. જ્યારે એક સાથે ત્રણ તલાકનો મુદ્દો આવ્યો તો કટ્ટરપંથી મુસલમાનો સાથે આગળ પડતા મુસ્લિમ સંગઠનોએ તેને ઈસ્લામ વિરુદ્ઘ ગણાવ્યું અને રાજકીય પક્ષોએ તેમના સૂરમાં સૂર પણ પૂરાવ્યો. વડાપ્રધાને દેશને આ વાતોની યાદ અપાવતાં કહ્યું કે વોટ માટે આ મુદ્દા પર ભ્રમ અને સંઘ વગેરેને બદનામ કરવા માટે અત્યાર સુધી જૂઠ્ઠાણું ચલાવાઈ રહ્યું હતું. સુપ્રીમ કોર્ટે પણ ત્રણ તલાકને ઈસ્લામનું અભિન્ન અંગ નથી માન્યું. તેમણે કાર્યકર્તાઓને આહ્વાન કર્યું કે જ્યારે તથ્યો અને તર્કોની સાથે મુસ્લિમ સમાજ વચ્ચે જશો, સત્ય જણાવશો, વિરોધીઓએ ફેલાવેલાં જૂઠ્ઠાણાંનો પર્દાફાશ કરશો ત્યારે તેમનો ભ્રમ દૂર થશે.

આ હિસાબે જુઓ તો લોકસભા ચૂંટણી ૨૦૨૪નો એજન્ડા નક્કી થઈ ગયો છે. જો વડાપ્રધાન મોદી કહી રહ્યા છે કે તસવીરોમાં એક જગ્યાએ જોવા મળતા વિપક્ષીઓ ભ્રષ્ટાચારમાં ફસાયેલા છે તો શું એ સાચું નથી? તેમણે કહ્યું કે તેમનું એક થવું કોઈ વાતની ગેરંટી હોય તો તે છે ભ્રષ્ટાચાર અને તેના વિરુદ્ઘ અમારી ગેરંટી છે કે અમે કોઈ પણ ભ્રષ્ટાચારીને છોડીશું નહીં. તેમણે પરિવારવાદ પર પણ આકરો પ્રહાર કર્યો. આ રાજનીતિનો સૌથી મોટો રોગ રહ્યો છે. તેમણે દેશ સામે સ્પષ્ટ કરી દીધું કે કોંગ્રેસ, સપા, રાજદ, એનસીપી, નેશનલ કોન્ફરન્સ, પીડીપી, ભારત રાષ્ટ્ર સમિતિ વગેરે પાર્ટીઓને વોટ આપવાનો અર્થ છે, એક પરિવારનો વિકાસ કરવો અને ભાજપને વોટ આપવાનો અર્થ મતદારોનું પોતાના પરિવારો અને સંબંધીઓનું ભલું કરવું. લાંબા સમય સુધી વંશવાદ પર પ્રહાર કરનારા બુદ્ઘિજીવીઓ અને એક્ટિવિસ્ટોએ આ વિષય પર ચૂપકિદી સાધી લીધી છે. જે લોકો આ સમયે રાહુલ ગાંધી, તેજસ્વી યાદવ, શરદ પવાર, કે.ચંદ્રશેખર રાવ, એમ.કે. સ્ટાલિન, હેમંત સોરેન, ફારુક અબ્દુલ્લા એ મેહબૂબા મુફ્તી વગેરેનું સમર્થન કરી હ્યાછે, તો તે ભારતની લોકતાંત્રિક વ્યવસ્થામાં વંશવાદને મજબૂત કરવાનો અપરાધ કરી રહ્યા છે. આ જ રીતે તેમણે વોટ માટે હિંદુ સમાજમાં પણ કેટલાક પક્ષો દ્વારા જાતિની ખાઈ વધારવાની વાત કહી. જ્યારે તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશમાં પાસી, ખટીક, કોઈરી સહિત આપણા તમામ નાના-મોટા ભાઈ-બહેન રાજનીતિના શિકાર થઈ ગયા, બિહારમાં પણ દલિત-મહાદલિતની રાજનીતિએ સમાજના ભાગલા પડ્યા તો લોકોને ધ્યાને આવ્યું કે આ તો કડવું સત્ય છે.

એ ભારતીય લોકતંત્ર માટે સારું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી વિધાનસભા ચૂંટણીઓ અને લોકસભા ચૂંટણી પહેલાં જ મુખ્ય મુદ્દા દેશ સામે મૂકી દીધા છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને રાજકીય વ્યવહાર સાથે વ્યાપક સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તનોના લ-ય સાથે જોડી દીધું છે. લોકોએ નક્કી કરવાનું છે કે કઈ બાજુ જવું. એટલે કે આ બધાનો વિચાર કરતાં પોતાની રાજકીય ધારા નક્કી કરો. લોકજાગરણ, લોકસેવા અને લોકમંગલ આ ત્રણ સૂત્ર રાજકીય કાર્યકર્તાઓના રહ્યા છે, પરંતુ વોટબેંકની રાજનીતિએ તેને ઓઝલ કરી દીધું. જો તમામ પક્ષોના રાજકીય કાર્યકર્તા અને નેતા મજહબી, જાતીય, લૈંગિક ભેદથી ઉપર ઉઠીને લોકોની બૌદ્ઘિક ચેતના જાગૃત કરો અને તેમના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક વિકાસ માટે કામ કરો તો ભારતને વિશ્વની મહાશક્તિ બનવામાં વાર નહીં લાગે.

# ભારતનું 'સ્કોટલેન્ડ' છે આ હિલ સ્ટેશન, પ્રકૃતિએ છૂટ્ટા હાથે વેર્યું છે સૌંદર્ય, Photos જોઈને છક થશો




**ભારતમાં એક જગ્યા એવી છે જેની સરખામણી સ્કોટલેન્ડ સાથે થાય છે. કુદરતે છૂટ્ટા હાથે ત્યાં સૌંદર્ય વેર્યું છે**

ભારતમાં એક જગ્યા એવી છે જેની સરખામણી સ્કોટલેન્ડ સાથે થાય છે. કુદરતે છૂટ્ટા હાથે ત્યાં સૌંદર્ય વેર્યું છે. એકવાર તમે ત્યાં જાઓ તો પ્રકૃતિના સૌંદર્યમાં બધુ ભૂલી જાઓ. એવી મનમોહક અને રમણીય જગ્યા છે. આ હિલસ્ટેશન કર્ણાટકમાં આવેલું છે અને ત્યાં દેશ નહીં પરંતુ વિદેશથી પણ લોકો આવતા હોય છે. કર્ણાટકમાં આવેલા કુર્ગને ભારતનુંસ્કોટલેન્ડ કહેછે. અહીંની સુંદરતા પર્યટકોને મોહી લે છે. પરંતુ શું તમે ક્યારેય એવું વિચાર્યું છે કે કુર્ગને ભારતનું સ્કોટલેન્ડ કેમ કહે છે. સ્વિટઝરલેન્ડ કેમ નહીં. વાત જાણે એમ છે કે તમે હંમેશા વાચ્યું હશે કે નૈનીતાલ હિલ સ્ટેશન કે પછી ઔલીને મિની સ્વિટ્ઝરલેન્ડ કહે છે. અસલમાં કારણ શું છે કે સ્કોટલેન્ડ સાથે કુર્ગની સરખામણી થાય છે.

હકીકતમાં કુર્ગ પોતાના ઉત્તમ જળવાયું, પહાડીઓ અને કોફી બગીચાઓ માટે પ્રસિદ્ઘ છે. તે જળવાયુ, વિસ્તારો, વાસ્તુકળા, અને ઝરણાઓ મામલે સ્કોટલેન્ડ જેવું દેખાય છે જેના કારણે તેની સરખામણી સ્કોટલેન્ડ સાથે થાય છે. અહીંની વાદીઓ, અને વિસ્તારો સ્કોટલેન્ડના વિસ્તારો સાથે ભળતા આવે છે. કુર્ગને કોડાગુ નામથી પણ ઓળખે છે. આ હિલ સ્ટેશન કર્ણાટકમાં છે. પ્રકૃતિપ્રેમીઓ અને પ્રવાસીઓ માટે આ હિલ સ્ટેશન કોઈ સ્વર્ગથી જરાય કમ નથી. અહીંના જંગલો, ઘાટીઓ અને વાતાવરણ પર્યટકોને ભાવવિભોર કરી દે છે. કુર્ગ હિલ સ્ટેશન સુગંધિત મસાલાઓ અને કોફીના બગીચાઓ માટે પણ મશહૂર છે.

અહીં પર્યટકો ઝરણા, કિલ્લા, પ્રાચીન મંદિર, અને તિબ્બતી વસ્તીઓ ઘૂમી શકે છે. કુર્ગમાં ટુરિસ્ટ ઓમકારેશ્વર મંદિર, ઘૂમી શકે છે. ભગવાન શિવને સમર્પિત આ મંદિર ૧૮૨૦માં નિર્મિત ક્ષેત્રમાં સૌથી જૂનું મંદિર છે. આ ઉપરાંત તમે કુર્ગમાં બ્રહ્મગિરિ વન્યજીવ અભ્યારણ્યની સેર કરી શકોછો. આ અભ્યારણ્ય વર્ષ ૧૯૭૪માં સ્થાપિત કરાયું હતું. આ અભ્યારણ્યમાં તમે વિભિન્ન પ્રકારના જીવ અને જંતુઓને જોઈશકોછો. કુર્ગમાં સૈલાણીઓ પડી ઈગ્ગુથપ્પા મંદિરના દર્શન કરી શકે છે. આ મંદિર ઓમકારેશ્વર મંદિરની બરાબર દસ વર્ષ પહેલા બન્યું હતું.

કુર્ગમાં તમે મડિકેરી કિલ્લો, ઈરપુ ફોલ્સ, રાજાનો ગુંબજ, અબ્બે ફોલ્સ, નાલબંધ પેલેસ જેવી જગ્યાઓ એક્સપ્લોર કરી શકો છો. આ હિલ સ્ટેશનમાં સ્થિત નામદ્રોલિંગ મઠ અને ઓમકારેશ્વર મંદિર જેવી ધાર્મિક જગ્યાઓ પર જઈને એક નવો અનુભવ મળશે.

કુર્ગની ટ્રિપ બજેટ ફ્રેન્ડલી રહે છે. લગભગ ૫૦૦૦-૮૦૦૦ રૂપિયામાં તમે તમારી આ ટ્રિપને પ્લાન કરી શકો છો. તમને જાણીને નવાઈ લાગશે કે આ કર્ણાટકનું એવું હિલ સ્ટેશન છે જ્યાં ફરવા માટે વિદેશીઓ પણ આવે છે. ધીરે ધીરે આ જગ્યાની લોકપ્રિયતા વધી રહી છે. જેના કારણે પ્રવાસીઓની સંખ્યા પણ વધી છે.

# પૂરના પાણીથી નહીં ધોવાય પાક, તરતા બગીચામાં ખેતી કરવાથી થશે તગડી કમાણી



પૂર પ્રભાવિત વિસ્તારમાં ખેતી કરવી ખુબ જ મુશ્કેલી ભર્યું હોય છે. વારંવાર પૂરના પાણી ખેતરમાં ઘૂસી જતા પાક નિષ્ફળ જતો હોય છે. પરંતુ આવા જ પૂરગ્રસ્ત વસ્તારો માટે તરતા બગીચામાં ખેતીનો વિકલ્પ ખુબ જ કારગત છે. આમ તો વરસાદ ખેડૂતો માટે હરખની હેલી ગણાય છે. વરસાદ થાય તેના આધારે જ ખેતી થતી હોય છે. પરંતુ ક્યારે વધારે વરસાદ ખેડૂતો માટે મહામુસીબત બની જાય છે. પૂરના પાણીથી ખેતરમાં ઊભા પાક ધોવાઈ જતા હોય છે. પરંતુ હવે પૂરના પાણીથી પાક નહિ ધોવાય. ભયંકર પૂરમાં પણ પાક રહેશે અડીખમ.

કૃષિમાં પાણીની અછતની જેમ અતિવૃષ્ટિ પણ પાકને નુકસાન કરે છે. નદીઓના જળ પ્રવાહ ઊભા પાક પર ફરી વળે ત્યારેસમગ્ર પાક ધોવાઈ જતો હોય છે. આ સમસ્યાના ટકાઉ સમાધાન માટે બાંગ્લાદેશમાં તરતા બગીચાઓ તૈયાર કરવામાં આવ્યા છે. આ તરતા બગીચામાં સરળતાથી વિવિધ શાકભાજીના પાકો ઉગાડી શકાય છે. જે પ્રચંડ પૂર આવે ત્યારે પણ તરતા રહે છે.

બાંગ્લાદેશમાં કાર્બન ઉત્સર્જનની સમસ્યા વધારે નથી તેમ છતા ગરીબ ખેડૂતો જળવાયુ પરીવર્તનનો ભોગ બનતા હોય છે. ત્યારે આ તરતા ખેતર આશીર્વાદરૂપ સાબિત થયા છે. આ તરતા બગીચા પૂર પ્રભાવીત વિસ્તારોમાં આવકનું સાધન બન્યા છે. જો કે જળવાયુ પરીવર્તનની એટલી બધી અસર નહોંતી ત્યારથી અહી તરતા બગીચામાં ખેતી થાય છે. દાયકા પહેલાંથી વરસાદી સિઝનમાં નદીઓમાં પાણી ભરાય ત્યારે આ પ્રકારે ખેતી કરતા હતા.

કેવી રીતે બને છે તરતા ખેતર?

આ તરતા બગીચા જળકુંભી જેવી પાણીમાં વિંટળાઈને રહેતી વનસ્પતિઓનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. જે પાણીની લહેરોની સાથે જ હલનચલન કરતા રહે છે. આ તરતા બગીચા પાણીમાં તરતા બિસ્તર જેવા લાગેછે. આ તરતા બગીચામાં ફેલાતી જતી જળ વનસ્પતિમાંથી વર્ષો પછી ૩ ફૂટ જેટલું ઊંડુ પડ તૈયાર થાય છે. વચ્ચે જ જગ્યા ખાલી હોય તેમાં ખેતરની જેમ ટુંકા ગાળાના શાકભાજીના પાકો વાવવામાં આવે છે. પાક ઉત્પાદન બાદ છોડ સુકાઈ જાય તો તેના સડેલા અવશિષ્ચ પદાર્થોમાંથી ખાતર બને છે.

૩૦૦ વર્ષ પહેલાંથી થાય છે આ પ્રકારે ખેતી -

બાંગ્લાદેશના દક્ષિણ ભાગમાં જ્યાં પૂરગ્રસ્ત વિસ્તારો છે ત્યાં ૩૦૦ વર્ષથી આ પ્રકારે ખેતી થાય છે. બારીસલ, ગોપલાગંજ ફ્લોટિંગ એગ્રીકલ્ચર માટે જાણીતા છે. આ પદ્ઘતિને સ્થાનિક ભાષામાં ધેપ કહેવાય છે. ખાસ કરીને દરિયાકાંઠાના ખેડૂતો આ રીતે ખેતી કરીને આવક મેળવતા હોય છે. આ પ્રકારના તરતા બગીચા પૂર પ્રભાવિત વિસ્તારોમાં ખૂબ જ જોવા મળતા હોય છે.

તરતા બગીચાને મળ્યોછે કૃષિ વિરાસતનો દરજ્જો -

આ બગીચામાં ભીંડા, દૂધી, રીંગણ અને પાલક સહિતના શાકભાજી સરળતાથી ઉગાડી શકાય છે. ભારત, કંબોડિયામાં ખૂબ ઓછા પ્રમાણમાં આ પદ્ઘતિ જોવા મળે છે. પણ કેટલાક જુજ વિસ્તારના ખેડૂતો આ તરતા બગીચાની પદ્ઘતિથી ખેતી કરે છે. પરંતુ યુએનના રાષ્ટ્રીય ખાદ્ય અને કૃષિ સંગઠને બાંગ્લાદેશનાઆ તરતા બગીચાઓને કૃષિ વિરાસતનો દરજ્જો આપ્યો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સંતોષથી હંમેશા સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે.

- પતંજલિ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ વદ-૨ ગુજરાતમાં જયાપાર્વતિ વ્રત તથા મોળાકતનું જાગરણ તા.૫ જુલાઈ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૧૬, શ્રવણ નક્ષત્ર, વૈધૃતિ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૧૦, સૂ.અ.૭:૪૦
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
વૃષભ: આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
મિથુન: આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.
કર્ક: પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
સિંહ: મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.
કન્યા: ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.
તુલા: અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
વૃશ્ચિક: સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.
ધન: પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.
મકર: પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.
કુંભ: વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.
મીન: પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.

# ભાજપમાં કંઈક મોટું થવાનું છે, ગુજરાતના આ નેતાઓની ખુરશી ઉપર છે મોટું જોખમ

નવી દિલ્હી તા.૫

લોકસભાની ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યાં છે. તેમ તેમ રાજકીય પક્ષોની હલચલ ફરી થઈ છે. રાજકીય પક્ષો ફરી એકવાર એક્ટિવ થયા છે. ત્યારે આ વચ્ચે દિલ્હી ભાજપમાં મોટા ફેરફાર થવાની શક્યતા છે. સાથે જ સીઆર પાટીલને નેશનલ સ્તરે મોટી જવાબદારી સોંપાય તેવી પણ શક્યતા છે. આ વચ્ચે ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીની ધમધમાટ ચાલી રહ્યો છે. ત્યારે ભાજપ આ ત્રણેય મોરચે એકસાથે લશ્કર લડી રહ્યું છે. ત્યારે દિલ્હીમાં શું નવાજૂની થવાની છે તેના પર એક નજર કરીએ. હાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે. જ્યારે પણ કેબિનેટ રિશફલની વાત આવે ત્યારે કોનું પત્તુ કપાશે, અને કોણ ગેમમાં રહેશે તેના પર સૌની નજર હોય છે. આવામાં ગુજરાતના પણ મંત્રીઓનેપડતા મૂકાય તેવી શક્યતાઓ વધુ દેખાઈ રહી છે. ખાસ કરીને કેટલાક નામો પર જોરશોરથી ચર્ચા ચાલી રહી છે. જેમાંના બે છે મહેન્દ્ર મુજપુરા અને દેવુસિંહ ચૌહાણ. આ બે મંત્રીઓને મોદી કેબિનેટમાંથી હટાવી શકાય છે. દેવુસિંહને ભાજપ સંગઠનમાં એક્ટિવ કરાય તેવુ પ્લાનિંગ ચાલી રહ્યું છે. તો બીજી તરફ, મહેન્દ્ર મુંજપરાના બદલે ભાવનગરથી બીજા નેતાના નામની ચર્ચા મોદી કેબિનેટમાં ઉઠી છે.

આ ઉપરાંત અન્ય એક ચર્ચાતુ નામ છે સુરતના દર્શના જરદોશ. રાજયકક્ષાના આ મંત્રીને પક્ષવિદાય આપી શકેછે. મહેન્દ્ર મુંજપરાના બદલે ભાવનગરથી જે નામ ચર્ચાઈ રહ્યું છે તે છે ભારતી શિયાળ. તેઓને કેબિનેટમાં રાજ્ય કક્ષાના મંત્રી તરીકે સ્થાન મળી શકે છે. સાથે જ એવુ પણ કહેવાય છે કે, મુંજપુરા મંત્રી તરીકે પોતાની છાપ ઉભી કરવામાં નિષ્ફળ નીવડ્યા છે. તેથી તેમને હટાવી શકાય છે.

જો ગુજરાત ક્વોટાના મંત્રીઓનેપડતા મુકાવામાંઆવે છે તો મનસુખ માંડવિયા, પુરુષોત્તમ રૂપાલાના પોર્ટફોલિયોમાં પણ ચેન્જિસ આવે એવા છે. પરંતું દર્શનાબેન જરદોશની ખુરશી પર વધારે જોખમ છે. મનસુખ માંડવીયા પાસે આરોગ્ય, પુરુષોત્તમ રૂપાલા પાસે પશુપાલન અને ડેરી અને દર્શનાબેન જરદોશ પાસે રેલવે (રાજ્યમંત્રી) વિભાગ છે. મોદી કેબિનેટમાં છેલ્લા ૯ વર્ષમાં ૨ સ્વાસ્થ્ય મંત્રીઓને હટાવવામાં આવી ચૂક્યા છે. જો મંત્રીમંડળના ફેરબદલની વાત કરવામાં આવે તો બે મોટા માથાના નામ કપાઈ શકે છે. કેન્દ્રીય મંત્રીઓ મનસુખ માંડવિયા અને પરસોત્તમ રૂપાલા પાસેના હાલના પોર્ટફોલિયોમાં આંશિક ફેરફારો આવી શકે છે તેવી પણ આંતરિક ચર્ચાઓ શરૂ થઈ છે.

પીએમ મોદીએ સોમવારે કેબિનેટની બેઠક બોલાવી હતી, દિલ્હીના પ્રગતિ મેદાનમાં બોલાવેલી મીટિંગમાં પીએમ મોદીએ કેબિનેટના મંત્રીઓ સાથે લગભગ ૪ કલાક બેઠક ચાલી હતી. સૂત્રોનો દાવો છે કે પીએમ મોદીએ નક્કી કરી લીધું કે કોને હટાવવા અને કોને રાખવા, કયા નવા ચહેરાઓને સ્થાન આપવું. કેબિનેટ બેઠકમાં વડાપ્રધાન ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય કેબિનેટ મંત્રીઓ હાજર રહ્યા હતા. તમામ મંત્રીઓનેતેમના કામની વિગતો આપવા જણાવ્યું હતું. એવી ચર્ચા હતી કે જે મંત્રીનું પ્રદર્શન નબળું છે તેને કેબિનેટમાંથી હટાવી શકાય છે. તેમની જગ્યાએ મંત્રીમંડળમાં નવા લોકોનો સમાવેશ થઈ શકે છે.

# મેડિકલ પ્રવેશ પરીક્ષા : પીજી નીટના બદલે લાગુ થનારી નેશનલ એક્ઝિટ ટેસ્ટ-૧નો સ્કોર પાંચ વર્ષ સુધી મેરિટ માટે માન્ય ગણાશે

## નેશનલ એક્ઝિટ ટેસ્ટ અંગે સરકારે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું

અમદાવાદ,તા.૫

નેશનલ મેડિકલ કમિશન દ્વારા પીજી નીટના બદલે લાગુ થનારી નવી નેશનલ એક્ઝિટ ટેસ્ટની પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓની સરળતા માટે આગામી ૨૮મી જૂલાઈના રોજ મોક ટેસ્ટ લેવામાં આવશે. ઉપરાંત એમબીબીએસની ફાઈનલ પરીક્ષા અને પીજી મેડિકલ પ્રવેશ રૂપે લેવાનારી નેક્સ્ટ બે પાર્ટમાં લેવામાં આવશે. પાર્ટ-એક અને પાર્ટ-૨ બંને પરીક્ષા વર્ષમાં બે વાર લેવામાં આવશે. ૨૮મી જૂલાઈના રોજ યોજાનારી મોક ટેસ્ટની નોંધણી ૧૦ જૂલાઈ સુધી કરી શકાશે. સરકાર દ્વારા આ અંગે ખાસ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં નેક્સ્ટ એક થીયરી એક્ઝામ રહેશે અને જેમાં કમ્પ્યુટર બેઝ ઓનલાઈન મોડમાં એમસીક્યુ આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. આ પરીક્ષામાં એમબીબીએસ-૩ અને ફાઈનલ એમબીબીએસ પાર્ટ એક તથા બેના તમામ વિષયોનો આવરી લેવામાં આવશે. કુલ છ પેપરો હશે. નેક્સ્ટ ૨ પ્રેક્ટિકલ અને ક્લિનિકલ કોમ્પ્રિહેન્સિવ ટાઈપીની પરીક્ષા રહેશે. જે ઈન્ટરશીપ પૂર્ણ થયા બાદ જ લેવામાં આવશે. રેગ્યુલર નેક્સ્ટ ૨ જૂનના ત્રીજા સપ્તાહમાં લેવામાં આવશે. નોંધનીય છે કે, નેક્સ્ટ ૨ની સપ્લિમેન્ટરી પૂરક પુરક પરીક્ષા સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં અને માર્ચના પ્રથમ સપ્તાહમાં લેવામાં આવશે. પીજી મેડિકલ કાઉન્સેલિંગ ૩૦ જૂન સુધી પૂરૂં કરવામાં આવશે. નેક્સ્ટ-૧નો સ્કોર પાંચ વર્ષ સુધી મેરિટ માટે વેલિડ ગણવામાં આવશે. એટલું જ નહીં નેક્સ્ટ-૧માં પાસ થયેલા વિદ્યાર્થી ઓછા સ્કોરને વધારવા માટે ફરીથી પણ પરીક્ષા આપી શકશે. નેક્સ્ટ-૧માં દરેક પેપરમાં ૫૦ ટકા માર્કસ સાથે ઓવરઓલ વિદ્યાર્થીએ ૫૦ ટકા માર્કસ લાવવાના રહેશે. નેક્સ્ટ-૧ પાસ કર્યા બાદ નેક્સ્ટ-૨ આપવાની પણ કોઈ મર્યાદા નક્કી કરવામાં આવી નથી. જો કે નેક્સ્ટ-૨ માટે એક પાસ કરવી ફરજિયાત છે. તેમ જ એમબીબીએસ જોઈન કર્યાના દસ વર્ષમાં નેક્સ્ટ-૨ પાસ કરવાની રહેશે. આ અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે એમબીબીએસની ૨૦૧૯ની બેંચ માટેની નેક્સ્ટની મોક પરીક્ષા પણ જાહેર કરી દેવામાં આવી છે. દસ જૂલાઈ સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરાશે અને ૨૮મી જૂલાઈના રોજ પેપર-૧ અને પેપર-૨ની પરીક્ષા એક જ દિવસે બે તબક્કામાં લેવામાં આવશે, જેનો સમય સવારે અને બપોરનો રહેશે. જનરલ કેટેગરી માટે આ પરીક્ષાની ફી રૂપિયા બે હજાર નક્કી કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે.

# રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૩૮ ટકાથી વધુ પાણી : ૧૯ ડેમ સંપૂર્ણ છલકાયા

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં લગભગ તમામ તાલુકાઓમાં શ્રીકાર વર્ષાને પરિણામે રાજ્યમાં હાલની સ્થિતિએ કુલ ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહશક્તિના ૩૮.૬૧ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. ગત વર્ષે આ સમયે ૩૭.૧૬ ટકા સામે આ વર્ષે ૪૪.૩૮ ટકા જળાશયો ભરાયા છે તેમ સ્ટેટ ફ્લડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ- જળાશયમાં કુલ સંગ્રહ શક્તિના ૫૫.૧૭ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. જ્યારે ગુજરાતના ૧૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ એટલે સંપૂર્ણ છલકાયા છે. ૨૯ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૨૫ જળાશયો ૫૦થી ૭૦ ટકા તેમજ ૫૪ જળાશયો ૨૫થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે. રાજ્યમાં ૧૦૦ ટકા એટલે કે સંપૂર્ણ છલકાયા હોય તેવા જળાશયોમાં અમરેલી જિલ્લાનું મુંજિયાસર, ધાતરવાડી, વાડિયા, સંક્રોલી, સુરજવાડી, ગીર સોમનાથનું મચ્છુન્દ્રિ, જૂનાગઢના ઉબેણ, હસનાપુર, મોટા ગુજેરિયા, રાજકોટનું મોજ, સોદવદર, કચ્છનું કંકાવટી, ગજાનસર, કાલાગોગા અને ડોન, જામનગરનું વઘાડિયા, સપાડા અને રૂપારેલ તેમજ તાપી જિલ્લાના ડોસવાડા જળાશયનો સમાવેશ થાય છે. આ સિવાય હાલમાં ઉતર ગુજરાતના કુલ ૧૫ જળાશયો ૪૮.૭૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો ૩૦.૮૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો ૩૫.૩૯ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૫૦.૯૫ ટકા, તેમજ સૌરાષ્ટ્રના કુલ ૧૪૧ જળાશયોમાં ૪૭.૧૮ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયો છે. રાજ્યના દૈનિક ૫૦૦૦થી વધુ ક્યુસેક પાણીની આવક ધરાવતા જળાશયોમાં સરદાર સરોવરમાં ૪૩,૦૭૬ ક્યુસેક, દમણગંગામાં ૬૮૭૨ અને હિરણ ૨માં ૫૧૯૯ ક્યુસેક પાણીનો સમાવેશ થાય છે.

## કેન્દ્ર સરકારે જાહેર કરેલ નિયમો અંતર્ગત ગુજરાત સરકારની જાહેરાત

# રાજ્યમાં જૂના વાહનોને સ્ક્રેપ કરવા માટે હવે ઓનલાઈન અરજી કરી શકાશે



ગાંધીનગર, તા.૫

દેશભરમાં સ્ક્રેપ પોલિસીનો અમલ શરૂ થયો છે. પ્રદૂષણમાંથી બચાવવા માટે સરકાર દ્વારા સ્ક્રેપ પોલિસી લાવવામાં આવી છે. જૂના વાહનો પ્રદૂષણ ફેલાવતા હોવાથી સરકાર કોઈ પણ સંજોગોમાં આ વાહનોને રસ્તા ઉપરથી દૂર કરવા માંગે છે. ૧૫ વર્ષ જૂના વાહન હોય તો ફિટનેસ ટેસ્ટ કરાવવું પડશે. જો તેમ નહીં કરાય તો સરકાર ભંગારવાડામાં મોકલી દેશે. તા.૧લી એપ્રિલથી ગુજરાત સહિત સમગ્ર દેશમાં સ્ક્રેપ પોલિસી અમલમાં આવી હતી. હવે જૂના વાહનો સ્ક્રેપ કરવા માટે તમારે ઓનલાઈન અરજી કરવી પડશે. તેની જાણકારી રાજ્ય સરકારે આપી છે. કેન્દ્ર સરકાર દ્વારા વ્હીકલ સ્ક્રેપીંગ ફેસીલિટીના રજિસ્ટ્રેશન અને સ્ક્રેપીંગની કાર્પદ્ધતિ અંગેના નિયમો જાહેર કરવામાં આવ્યાં છે. રાજ્યમાં આ નિયમો અંતર્ગત રજિસ્ટર્ડ વ્હીકલ સ્ક્રેપીંગ ફેસેલિટી મારફતે સ્ક્રેપ કરી શકાશે, જે માટે સરકાર દ્વારા પરિવહન સેવા વેબ એપ્લિકેશન ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે. રાજ્યના વાહન વ્યવહાર વિભાગે આ માહિતી આપી છે.

ગુજરાતમાં ૧૫ વર્ષ જૂના ટ્રક સહિત હેવી કોમર્શિયલ વાહનો ભંગારવાડે જશે. આ બધાય વાહનોએ ફિટનેસ સેન્ટરમાં જઈને ચકાસણી કરીને સર્ટિફિકેટ મેળવવુ પડશે. રાજ્યમાં ૨૦ લાખ જૂના વાહનો છે. જેમાં ટ્રક, ટેમ્પો, આયશર, લકઝરી બસો્ સહિત હેવી કોમર્શિયલ વાહનો છે. સરકારની મોટી મોટી વાતો જ છે પણ અમલવારીમાં બિગ ઝીરો છે. રાજ્યમાં ૨૦ લાખ વાહનોની ચકાસણી માટે ૧૦૦ ફિટનેસ સેન્ટર જોઈએ પણ હાલ માત્ર ચાર ફિટનેસ સેન્ટર જ શરૂ થયા છે. વધતા જતા પ્રદુષણ માટે ધુમાડા ઓકતા વાહનો જવાબદાર પરિબળ છે. ભારતની ઈમેજ ખરાબ થતાં સરકાર એલર્ટ બની છે. જેને પગલે નવી પોલિસીની જાહેરાત કરાઈ છે. કેન્દ્ર સરકારે ૧૫ વર્ષ જૂના ખખડધજ વાહનો જ પ્રતિબંધ લાદવા તૈયારીઓ આદરી છે. સૂત્રોના મતે, ગુજરાતમાં ૧૫ વર્ષ જૂના ટ્રક, ટેમ્પો, આયશર અને બસોની સંખ્યા અંદાજે ૨૦ લાખ જેટલી છે. જ્યારે કે, ૧૫ વર્ષ પોલિસીના અમલ પહેલાં જ મુશ્કેલી ઉભી થઈ છે તે જોતા રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર પાસે પ્રથમ તબક્કામાં નવી વ્હિકલના ફિટનેશની ફરજિયાત ચકાસણીમાં રાહત આપવા વિનંતી કરી શકે છે.

# જ્ઞાનસેતુ સ્કૂલ માટે અરજી કરનાર સંસ્થાઓને ફી પરત અપાશે

## ● શિક્ષણ વિભાગ દ્વારા સંસ્થાઓની બેંકની વિગતો મંગાવવામાં આવી ● ૧૬૮૩ સંસ્થાઓએ સ્કૂલ શરૂ કરવા દરખાસ્ત કરી રૂા.૧૦ હજાર ફી ભરી હતી



અમદાવાદ, તા.૫

રાજ્યમાં જ્ઞાનસેતુ સ્કૂલ શરૂ કરવા માટે અરજી કરનાર સંસ્થાઓને તેમની ભરેલી ફી પરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા આવી સંસ્થાઓની બેંકની વિગતો એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરી છે. આ વિગતો આવ્યા બાદ સંસ્થાઓને સીધી જ બેંકમાં ફીની રકમ મોકલી અપાશે. રાજ્યમાં ૪૦૦ જ્ઞાનસેતુ સ્કૂલ માટે ૧૬૮૩ જેટલી સંસ્થીઓએ અરજી કરી રૂા.૧૦ હજાર જેટલી ફી ભરી હતી. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા જૂન-૨૦૨૩થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષથી રાજ્યમાં જ્ઞાનસેતુ ડે સ્કૂલ પ્રોજેક્ટ શરૂ કરવાની જાહેરાત કરી હતી. જેમાં પ્રથમ વર્ષે રાજ્યમાં ૪૦૦ જ્ઞાનસેતુ ડે સ્કૂલ શરૂ કરવાની જાહેરાત કરાઈ હતી. આ જાહેરાત કરાયા બાદ શિક્ષણ વિભાગ દ્વારા જે સંસ્થાઓ જ્ઞાનસેતુ ડે સ્કૂલ શરૂ કરવા માંગતી હોય તેમની પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. અરજી સાથે સંસ્થાઓએ રૂા.૧૦ હજારની ફી પણ ડિમાન્ડ ડ્રાફ્ટથી ભરવાની રહેશે તેમ જણાવાયું હતું. જેના પગલે રાજ્યની ૧૨૪૭ જેટલી સંસ્થાઓએ જ્ઞાનસેતુ ડે સ્કૂલ શરૂ કરવા માટે દરખાસ્ત કરી હતી. આ દરખાસ્તો મળ્યા બાદ સ્કૂલ સંચાલકોએ જ્ઞાનસેતુ ડે સ્કૂલોને લઈને પોતાના મુદ્દા રજૂ કર્યા હતા. જેના પગલે શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાનસેતુ ડે સ્કૂલ શરૂ કરવા માટેની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો, જેમાં ૧૮ એપ્રિલથી ૨૪ એપ્રિલ સુધી સંસ્થાઓને દરખાસ્ત કરવા માટે મુદત આપી હતી. આ સમયમર્યાદામાં ૩૬૧ જેટલી સંસ્થાઓએ સ્કૂલો શરૂ કરવા માટે દરખાસ્ત કરી હતી. આમ, જ્ઞાનસેતુ સ્કૂલો શરૂ કરવા માટે કુલ ૧૬૮૩ જેટલી સંસ્થાઓએ દરખાસ્ત કરી હતી અને તેની સાથે રૂા.૧૦ હજારની ફી પણ ભરી હતી. જો કે, શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાનસેતુ ડે સ્કૂલ પ્રોજેક્ટ રદ કરી તેના સ્થાને જ્ઞાનસેતુ સ્કોલરશીપની જાહેરાત કરી હતી. આ જાહેરાત સાથે જ જે સંસ્થાઓએ સ્કૂલ શરૂ કરવા માટે દરખાસ્ત કરી હતી, તેમણે વિભાગ સમક્ષ ફી પેટે ભરેલા રૂા.૧૦ હજાર પરત માંગવાનું શરૂ કર્યું હતું. જેથી હવે શિક્ષણ વિભાગ દ્વારા આ તમામ સંસ્થાઓને ફી પેટે ભરેલા રૂા.૧૦ હજાર પરત આપવા માટેની કાર્યવાહી શરૂ કરી છે. જેમાં તમામ સંસ્થાઓની બેંકની વિગતો મંગાવવામાં આવી છે. સંસ્થાઓની બેંકની તમામ વિગતો મળી ગયા બાદ તેમને ફી પેટે ભરેલા રૂા.૧૦ હજાર સીધા જ બેંક એકાઉન્ટમાં મોકલી આપવામાં આવશે.

# તમિલનાડુના રાજ્યપાલ સતત ભૂલો કરી રહ્યા છે : મદ્રાસ હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશો



ચેન્નાઈ, તા.૫

મદ્રાસ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ કે.ચંદ્રુએ જણાવ્યું કે તમિલનાડુના રાજ્યપાલ આર.એન.રવિ સેંથિલ બાલાજીને પોર્ટફોલિયો વિના મંત્રી તરીકે ચાલુ રાખવાના મુદ્દે એક પછી એક ભૂલો કરી રહ્યા છે. તેમના મતે, રાજ્યપાલ ન તો મંત્રીને એકતરફી રીતે બરતરફ કરી શકે છે અને ન તો તે આ મુદ્દે એટર્ની જનરલનો અભિપ્રાય લઈ શકે છે. ભૂતપૂર્વ ન્યાયાધીશે કહ્યું કે બંધારણ રાજ્યપાલને મુખ્યમંત્રીની વિનંતી વિના મંત્રીને બરતરફ કરવાનો અધિકાર આપતું નથી. જે એકલા તેમની કેબિનેટના સભ્યો અને સમાવેશ અથવા બાકાત ઉપર નિર્ણય લઈ શકે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પ્રાથમિક છે કે રાજ્યપાલ આવા મુદ્દાઓ ઉપર સ્વતંત્ર રીતે કાર્ય કરી શકતા નથી. કલમ ૭૫(૧) નું અર્થઘટન કરતી વખતે, મનોજ નરૂલા વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૪)માં સુપ્રીમ કોર્ટે ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ધારાસભ્યોને મંત્રી તરીકે શપથ લેવા ઉપર પ્રતિબંધ મૂકતી ગેરલાયકાત ઉમેરવાનો ઈન્કાર કર્યો હતો. ચુકાદો ૨૭ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ તત્કાલિન ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) આર.એમ. લોઢા અને જસ્ટિસ દીપક મિશ્રા, મદન બી. લોકુર, કુરિયન જોસેફ અને એસ.એ. બોબડે. જ્યારે જસ્ટિસ મિશ્રાએ પોતાના માટે તેમજ CJI અને જસ્ટિસ બોડે માટે ચુકાદો લખ્યો હતો, જસ્ટિસ લોકુર અને જોસેફે બહુમતી સાથે સંમત થવાના વ્યક્તિગત કારણો આપ્યા હતા. મદ્રાસ હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ ડી. હરિપરંથમને પણ સમાન અભિપ્રાય વ્યકત કર્યો હતો અને કહ્યું હતું કે બંધારણની કલમ ૧૯૧ માત્ર પાંચ આકસ્મિક સ્થિતિમાં ધારાસભ્યને ગેરલાયક ઠેરવવાની જોગવાઈ કરે છે. એકમાત્ર કેન્દ્રીય કાયદો જે આવી ગેરલાયકાતની જોગવાઈ કરે છે તે ૧૯૫૧નો લોકોનું પ્રતિનિધિત્વ અધિનિયમ છે, જે પણ ભારપૂર્વક જણાવે છે કે જો કોઈ ધારાસભ્યને ફોજદારી કેસમાં દોષિત ઠેરવવામાં આવે અને તેને બે વર્ષ કે તેથી વધુની સજા કરવામાં આવે તો જ તેને ગેરલાયક ઠેરવવામાં આવે. આ કિસ્સાઓ સિવાય રાજ્યપાલ પાસે મંત્રીમંડળમાંથી મંત્રીને દૂર કરવાની કોઈ સત્તા નથી તેમ તેમણે જણાવ્યું હતું.

# ૧૦ વર્ષના બોન્ડવાળા શિક્ષકોની તાલુકામાં બદલીની અરજી માન્ય રાખવા કરાઈ માંગણી

અમદાવાદ, તા.૫

શિક્ષકોના જિલ્લા આંતરિક ઓનલાઈન બદલી કેમ્પનો બીજો તબક્કો જાહેર થયો છે ત્યારે બીજા તબક્કામાં ૧૦ વર્ષના બોન્ડવાળા શિક્ષકોની તાલુકામાં અંદરોઅંદર બદલીની માગણીને માન્ય રાખવા માટે પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. પ્રથમ તબક્કાના બદલી કેમ્પમાં આવી માગણીની અરજીઓ માન્ય રાખવામાં આવી ન હોઈ બીજા તબક્કામાં માન્ય રાખવા રજૂઆત કરાઈ છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષણમંત્રીને પત્ર લખીને બદલી અંગે રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તાજેતરમાં જિલ્લા ઓનલાઈન આંતરિક બદલી કેમ્પનો બીજો તબક્કો, જિલ્લા ફેરબદલી કેમ્પ, જિલ્લા વિભાજન કેમ્પનું આયોજન કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે. ૨૦૨૨થી જિલ્લા ફેર અરજી લેવાનું બંધ કરવામાં આવેલું છે. ઘણા જિલ્લાઓમાં અરજી હોય તેના કરતા વધુ ખાલી જગ્યાઓ છે. જેમ કે ૩૦ અરજી આવી હોય અને ૧૦૦ જગ્યા ખાલી હોય એટલે અરજીના પ્રમાણમાં વધુ ખાલી જગ્યાઓ હોઈ વેઈટિંગ ન હોય અને ખાલી જગ્યાઓ પર ૧૦૦ ટકા જિલ્લા ફેર જ્યારે કરતા હોય તો ૨૦૨૨માં જેને પાંચ વર્ષ પૂરા થયા છે તેની ઓનલાઈન કે મેન્યુઅલ અરજી લઈ ખાલી જગ્યાવાળા જિલ્લામાં જવા માંગતા હોય તો તેમને આ વર્ષ પૂરતી તક આપવી જોઈએ તેવી માગણી કરી છે. ઉપરાંત જિલ્લા ઓનલાઈન આંતરિક બદલી કેમ્પના પ્રથમ તબક્કામાં ૧૦ વર્ષના બોન્ડવાળા શિક્ષકોને પોતાના તાલુકામાં અંદરોઅંદર બદલીની માગણીની અરજીઓ માન્ય રાખવામાં આવેલી નથી. તો બીજા તબક્કામાં ૧૦ વર્ષના બોન્ડવાળા શિક્ષકોની તાલુકામાં અને તાલુકામાં અંદરોઅંદર બદલીની માગણી માન્ય રાખી લાભ આપવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે.

# કેન્દ્ર સરકારે ૨૦૨૧ માટે જન્મ અને મૃત્યુ અંગેનો ડેટા હજુ સુધી જાહેર કર્યો નથી : આ ડેટા શા માટે જરૂરી છે

નવી દિલ્હી તા.૫

દેશમાં ૨૯ જૂન, ૨૦૨૩ના રોજ રાષ્ટ્રીલ્ આંકડા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. પ્રમિત ભટ્ટાચાર્યના તાજેતરના પેપર બતાવે છે કે, ભારતની આંકડાકીય પ્રણાલીમાં ખાસ કરીને છેલ્લા દાયકામાં ઘટાડો થઈ રહ્યો છે. ૨૦૧૫થી ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ, રોકાણ પ્રોજેક્ટ્સ, પીરિયોડિક લેબર ફોર્સ સર્વે (PLFS)ના બેરોજગારી ડેટા, સ્વચ્છતા ઉપરના ડેટા, ગ્રાહક ખર્ચ સર્વેક્ષણ વગેરેને લગતા વિવાદો સામેલ છે. સૌથી વધુ વિવાદાસ્પદ પરિસ્થિતિ એ છે કે, કેન્દ્ર સરકાર કોવિડ-૧૯ રોગચાળા દરમ્યાન મૃત્યુની ઓછી સંખ્યા ઉપર અડગ છે, દરેક ઉપલબ્ધ પુરાવા અને બહુવિધ અભ્યાસો ચોક્કસ વિપરીત સ્થિતિ દર્શાવતા હોવા છતાં સરકાર રોગચાળાને સંચાલિત કરવામાં તેની સફળતાનો દાવો કરે છે. આ પૃષ્ઠભૂમિની સામે કેન્દ્ર સરકારની આંકડાકીય મશીનરી અત્યાર સુધી ‘સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ ઉપર આધારિત ભારતના મહત્ત્વપૂર્ણ આંકડાઓ ઉપરનો અહેવાલ’ CRS ડેટા પ્રકાશિત કરવામાં પણ નિષ્ફળ ગઈ છે. ૨૦૨૦ માટેનો અહેવાલ, લોકડાઉનના મહિનાઓ અને નિયંત્રણો વચ્ચે સમયસર પૂર્ણ કરવામાં આવ્યો હતો અને ૩ મે, ૨૦૨૨ના રોજ બહાર પાડવામાં આવ્યો હતો. હવે ૨૦૨૩ આવી ગયો હોવા છતાં ૨૦૨૧ માટેનો અહેવાલ હજુ સામે આવ્યો નથી. સ્થાનિક સરકારી સંસ્થાઓ તેમના અધિકારક્ષેત્રમાં જન્મ અને મૃત્યુના ભૌતિક રજિસ્ટર અથવા ડિજિટલ રેકોર્ડ જાળવી રાખે છે. જો કે, તમામ જન્મ અને મૃત્યુ નોંધાયેલા હોતા નથી પણ સરકારી ડેટા દર્શાવે છે કે, છેલ્લા એક દાયકામાં નોંધણીના દરમાં સુધારો થયો છે. મૃત્યુની નોંધણી એ સરકાર દ્વારા ઔપચારિક સ્વીકૃતિ છે અને વારસો અને જીવન વીમાનો દાવો કરવા જેવી વિવિધ પરિસ્થિતિઓમાં સંબંધીઓને મદદ કરે છે. વહીવટી પ્રક્રિયા તરીકે મૃત્યુ નોંધણી માટે મૃત્યુના પુરાવા રજૂ કરવા જરૂરી છે (દા.ત., હોસ્પિટલનો દસ્તાવેજ). ૨૦૨૨ CRS રિપોર્ટ (જે ૨૦૨૦ સુધીના મૃત્યુને આવરી લે છે) તે મુજબ, ૨૧ દિવસની અંદર મૃત્યુ નોંધણી એ જરૂરી ધોરણ હતું. અગિયાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ૨૧ દિવસમાં તેમના કુલ મૃત્યુના ૯૦% નોંધ કરી છે. વધુ સાત રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૧ દિવસમાં કુલ ૮૦%થી વધુ મૃત્યુ નોંધાયા છે. સાત રાજયોએ ૨૧ દિવસમાં તેમના કુલ મૃત્યુના ૫૦%થી વધુ નોંધાયા છે. નોંધાયેલા અડધાથી વધુ મૃત્યુ માટે માત્ર આઠ રાજ્યોએ ૨૧ દિવસની સમય મર્યાદા વટાવી છે. પ્રથમ દૃષ્ટિએ કોઈપણ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ માટે તેમના ડેટાની કેન્દ્ર સરકારને જાણ કરવામાં વિલંબ કરવાનું કોઈ કારણ નથી. તેથી તે સ્પષ્ટ નથી કે શા માટે ૨૦૨૧ માટેનો રિપોર્ટ હજુ સુધી બહાર પાડવામાં આવ્યો નથી. શું એવા કેટલાક રાજયો છે કે, જેમણે કેન્દ્ર સરકારને માહિતી આપી નથી? અથવા ગૃહ મંત્રાલયમાં વિલંબ થઈ રહ્યો છે? કેન્દ્ર સરકાર કોવિડ-૧૯ મૃત્યુના મુદ્દે સતત મુશ્કેલ સ્થિતિમાં છે. MyGov COVID-19 પોર્ટલ ઉપરના અહેવાલ મુજબ ભારતમાં કોવિડ-૧૯ મૃત્યુની સત્તાવાર સંખ્યા ૫.૩૨ લાખ છે. WHOના નિષ્ણાતો, જે ભારતમાં ૪૭ લાખથી વધુ મૃત્યુનો અંદાજ લગાવે છે. ડબ્લ્યુએચઓના અંદાજો તેમજ અન્ય કેટલાક અભ્યાસો ૨૦૨૧ માટે આંશિક CRS ડેટાનો ઉપયોગ કરે છે, જે વ્યક્તિગત સ્થાનિક સરકારી સંસ્થાઓ અથવા રાજ્ય સરકારો દ્વારા બહાર પાડવામાં આવે છે અથવા પત્રકારો મેળવે છે. આ અભ્યાસો નમૂનામાં વધારાના મૃત્યુના આધારે દેશ માટે વધારાના મૃત્યુનો અંદાજ કાઢવા માટે આંકડાકીય તકનિકોનો ઉપયોગ કરે છે અને વસ્તી વિષયક પરિબળોની દૃષ્ટિએ તેમજ ઉપલબ્ધ ડેટાના સમયગાળા માટેના તફાવતોને સમાયોજિત કરે છે. ૨૦૨૧ માટે CRS ડેટાનું પ્રકાશન સમગ્ર ભારતમાં કોવિડ-૧૯ને કારણે સર્જાયેલી તકલીફનું વાસ્તવિક ચિત્ર પણ પ્રદાન કરશે. CRS ડેટામાં મૃત્યુની ગણતરી માટે નાણાકીય વર્ષ ૨૦૨૧ દરમિયાન મૃત્યુ માટે જીવન વીમા કંપનીઓ દ્વારા પતાવટ કરાયેલા દાવાની સંખ્યા ૧૦.૮૪ લાખ (વ્યક્તિગત પોલિસી) અને ૧૦.૯૨ લાખ (જૂથ પોલિસી) હતી. નાણાકીય વર્ષ ૨૦૨૨ માટે ૧૫.૮૭ લાખ વ્યક્તિગત પોલિસીઓ અને ૧૪.૧૮ લાખની જૂથ પોલિસી હતી. ૨૦૨૧ની વસ્તી ગણતરી, રોગચાળાને કારણે વિલંબિત થઈ છે, તે ક્યારે હાથ ધરવામાં આવશે તેના કોઈ સંકેતો નથી. ૨૦૨૩માં અંદાજના આધારે ભારત સત્તાવાર રીતે વિશ્વનું સૌથી વધુ વસ્તી ધરાવતું રાષ્ટ્ર બન્યું છે. ૧૦૦+વર્ષોમાં પ્રથમ વખત, દેશમાં ખરેખર કેટલા લોકો છે તેનો કોઈ રેકોર્ડ નથી. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે આસામમાં નવનિર્મિત વસ્તી ગણતરી કાર્યાલયનું ઉદ્ઘાટન કરતી વખતે ‘આગામી વસ્તી ગણતરી ઈ-સેન્સસ હશે જે વધુ વૈજ્ઞાનિક અને ૧૦૦% સંપૂર્ણ હશે એવી જાહેરાત કર્યાને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે. આ કવાયત ક્યારે હાથ ધરવામાં આવશે તે અંગે કોઈ સંકેત આપવામાં આવ્યો નથી.’ વિલંબિત વસ્તીગણતરી રોગચાળાની અસરનું વધુ મૂલ્યાંકન કરવાની તક પૂરી પાડે છે. જો કે, CRS ડેટા રજિસ્ટર્ડ મૃત્યુ બતાવશે, સરકાર ૯૦+% મૃત્યુ નોંધણીનો દાવો કરે છે, ઘણા અભ્યાસો દર્શાવે છે કે, આ એક નોંધપાત્ર અંદાજ છે. આમ, ૨૦૨૦ કે ૨૦૨૧માં કુટુંબમાં મૃત્યુ થયું હતું કે કેમ તે દરેક ઘરને પૂછવામાં આવે અને મૃત્યુ પામેલા લોકોની ઉંમર અને લિંગ જેવા વધારાના ડેટા પણ તેમાં મદદ કરશે. વસ્તી ગણતરી દરેક ઘરમાં થતી હોવાથી આવો પ્રશ્ન CRS ડેટામાં કેપ્ચર ન થઈ શકે તેવા મૃત્યુ અંગે પણ માહિતી આપશે.

# દ્વારકામાં રચાશે ઈતિહાસ, ૫૧ હજાર આહીરાણીનો યોજાશે મહારાસ



દેવભૂમિ દ્વારકા, તા.૫

ભગવાન શ્રીકૃષ્ણના દ્વારકા નગરીમાં ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. ૫૧ હજાર આહીરાણીઓનો મહારાસ યોજાશે. ૫ હજાર પૂર્વે ૧૬ હજાર ગોપીઓ સાથે કૃષ્ણ રાસ યોજાતો હતો. મહારાસ માટે ૩૭ હજારથી વધુઆહીર સમુદાય ની બહેનોનું રજિસ્ટ્રેશન સંપન્ન થઈ ગયું છે. હાલ દરેક જિલ્લા કક્ષાએ રજિસ્ટ્રેશન ચાલુ છે. આ અંગે કૃષ્ણની મોક્ષ ભૂમિ ભાલકા તીર્થ ખાતે બેઠક યોજાઈ હતી. આહીરાણી મહારાસ અંગે આહીર સમાજની બહેનોની મળેલી બેઠકમાં જુદા જુદા જિલ્લામાંથી આહીર સમાજની બહેનો ઉપસ્થિત રહી હતી. મહારાસની સાથે મહિલા સશક્તિકરણના પણ કાર્યક્રમ યોજાશે. આહીરાણી મહારાસ માટે બહેનો દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. એક સાથે ૫૧ હજાર આહીરાણીઓ મહારાસ યોજી કૃષ્ણ ભક્તિમાં લીન બનશે. પારંપરિક પોશાક સાથે આહીરાણીઓના મહારાસનો વિશ્વ વિક્રમ સર્જાશે. દ્વારકામાં જગતમંદિરના શિખર પર ધ્વજારોહણ કરવાનું ખાસ મહત્ત્વ છે. ૨૦૨૪ સુધી ધ્વજારોહણ કરવા માટે લાંબું વેઈટિંગ લિસ્ટ પણ છે. દ્વારકા જગતમંદિર ઈતિહાસમાં પ્રથમ વખત બિપરજોય વાવાઝોડા દરમિયાન સુરક્ષાને ધ્યાનમાં લઈ ધ્વજારોહણ કરવામાં આવ્યું નહોતું. તેથીએ સમયે જેપણ ભક્તોની ધ્વજાનું આરોહણ થયું નહોતું તેવા ભક્તોનું આજથી ધ્વજારોહણ થાય એવું જગતમંદિર ધ્વજારોહણ સમિતિ દ્વારા સુંદર નિર્ણય કરવામાં આવ્યો છે. દરરોજ પાંચ ધજા દ્વારકા જગતમંદિરે ચડાવવામાં આવે છે, પરંતુ બિપરજોય વાવાઝોડા દરમિયાન જે પણ ભક્તોની ધ્વજાનું આરોહણ થયું નહોતું તે ભક્તોનું જથી ૧૫ દિવસ દરમિયાન ધ્વજાનું આરોહણ કરવામાં આવશે. એટલે કે આજથી દરરોજને માટે ૫ને બદલે ૬ ધ્વજાનું આરોહણ કરવામાં આવશે. ભક્તોની નમ્ર માગણી છે કે આ નિર્ણયને પગલે ફક્ત પંદર દિવસ માટે જ નહીં પરંતુ કાયમી ધોરણે ૬ ધ્વજા ચડાવવામાં આવે તો વધુ ભકતોને ધ્વજારોહણનો લાભ મળી શકે. દ્વારકા જગતમંદિરમાં ચડશે છ ધ્વજાહાલ દરેક જિલ્લા કક્ષાએ રજિસ્ટ્રેશન ચાલુ છે, આ અંગે કૃષ્ણની મોક્ષ ભૂમિ ભાલકા તીર્થ ખાતે બેઠક યોજાઈ હતી દ્વારકા વિસ્તારમાં જ્યારે કોઈ મુશ્કેલી કે સમસ્યા ઉદભવી છે ત્યારે દ્વારકાવાસીઓએ કાળિયા ઠાકોર પર ખૂબ જ શ્રદ્ધા રાખી છે, આવેલી મુસીબત કે સમસ્યા દૂર કરવા માટે જગતમંદિરના શિખર પર બે ધજા એકસાથે ચડાવવામાં આવી છે. રહેવાસીઓનું માનવું છે કે જગતમંદિરના શિખર પર બે ધજા એકસાથે ચડાવતાં ભગવાન દ્વારકાધીશ અહીંના લોકો પર આવેલી મુસીબતને દૂર કરે છે.

# કૃષિ યુનિવર્સિટી ખાતે ખેડૂત શીબીર યોજાઈ



જૂનાગઢ, તા.૫

જૂનાગઢ કૃષિ યુનિવસિટી હેઠળ ચાલતી સેન્ટર ઓફ કોમ્યુનિકેશન નેટવર્કયોજના દ્વારા યોજાનાર ખેડૂત શિબિર કુલપતિ ડો. વી. પી. ચોવટીયા તથા ડો. એન. બી. જાદવનાં માર્ગદર્શન અંતર્ગત નાનીસાંકળી ખાતે ખેડૂત શિબીર તા.૩/૭/૨૦૨૩નાં રોજ યોજાઈ ગઈ જેમાં બહોળી સંખ્યામાં ખેડૂત ભાઈઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે પ્રારંભમાં ડો. જી.આર. ગોહિલે જણાવ્યું કે, ખેડૂતે ઘણી પ્રગતિ કરી છે અને કરવાની પણ છે. નવી નવી ટેકનોલોજીનો વિકાસ થાય છે તે ખેડૂત સુધી પહોંચાડવામાં કૃષિ યુનિવર્સિટીનો ફાળો મુખ્ય છે. વધુમાં જણાવ્યું કે, ગામડે-ગામડે કૃષિ લાઈબ્રેરી ઉભી થવી જોઈએ સાથે ખેડૂતોએ પણ પોતાની પાસે કૃષિ સાહિત્ય હોવું જોઈએ જેથી તેમાંથી માહિતી મેળવી એગ્રો ઉપર આધારીત ન રહેતા પોતેપોતાનો નિર્ણય લઈ પાકમાં ઉપયોગ કરે આ પ્રસંગે તેલીબીયા વિભાગમાંથી ડો. જે. બી. ભૂત હાલની સ્થિતિનો પડકાર મુંડા અને ગુલાબી ઈયળ અંગે માર્ગદર્શન આપેલ તથા ડો.પી.એસ. શર્મા એ જમીન-પાણીના નમુના કેમ લેવા તેમજ કિચન ગાર્ડનીંગની માહિતી આપી હતી. તેમજ કપાસ વિભાગમાંથી ડો.એ.એમ. પોલરાએ કપાસની ખેતી પદ્ધતિ સમજાવી હતી. આ ઉપરાંત બહોળી સંખ્યામાં હાજર રહેલ બહેનોએ બેકરી અંગે તાલીમ લીધેલી. આ પ્રસંગે પ્રો. બી. એસ. ઠાકરે બેકરી તાલીમથી થતા ફાયદા અંગે બહેનોને વાકેફ કર્યા અને બેકરી આઈટમનું નિદર્શન પણ કરેલું.

## NIAએ અપરાધીને અંદમાન જેલમાં મોકલવા ગૃહ મંત્રાલયને લખ્યો પત્ર

# ઉત્તર ભારતની જેલોમાં બંધ ગેંગસ્ટરોને અંદમાન જેલમાં મોકલી સજા કરવાની તૈયારીઓ શરુ



(જી.એન.એસ)

નવીદિલ્હી,તા.૦૫

દિલ્હી અને પંજાબ સહિત ઉત્તર ભારતની જેલોમાં બંધ ગેંગસ્ટરો હવે કાળા પાણીની સજા ભોગવશે. તેમને અંદમાન અને નિકોબાર ટાપુઓની જેલમાં મોકલી શકાય છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ ગૃહ મંત્રાલયને પત્ર લખીને ગુંડાઓને અંદમાન અને નિકોબાર જેલમાં ટ્રાન્સફર કરવા જણાવ્યું છે. આ બીજી વખત છે જ્યારે NIAએ ગૃહ મંત્રાલયને પત્ર લખીને ગેંગસ્ટરોને અન્ય જેલમાં શિફ્ટ કરવા જણાવ્યું છે. NIAના આ પગલા પાછળનું કારણ જણાવવામાં આવી રહ્યું છે કે ઘણા ગેંગસ્ટર જેલમાં રહીને તેમનું નેટવર્ક મજબૂત કરી રહ્યા છે અને ક્રાઈમ સિન્ડિકેટ ચલાવી રહ્યા છે. તેથી જ તેમને અંદમાનની જેલમાં મોકલવાની અને કાળા પાણીની સજા કરવાની તૈયારી છે. આવી સ્થિતિમાં સવાલ એ થાય છે કે ત્યાંની જેલમાં સજાને કાળા પાણીની સજા કેમ કહેવામાં આવે છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે અંદમાન અને નિકોબારમાં જેલની સજા ખૂબ જ કડક છે. હવે સમજીએ કે સજા કેટલી આકરી છે. આ જાણવા માટે પહેલા ઈતિહાસને સમજવો પડશે. અંદમાનના પોર્ટ બ્લેરમાં ૧૯૦૬માં પ્રથમ વખત સેલ્યુલર જેલ બનાવવામાં આવી હતી. બ્રિટિશ શાસન દરમિયાન, નિર્વાસિત રાજકીય કેદીઓને અહીં એકાંત કેદમાં રાખવામાં આવતા હતા. આઝાદીની ચળવળમાં અવાજ ઉઠાવનારા ક્રાંતિકારીઓને દૂર રાખી શકાય તે માટે અહીં જેલ બનાવવામાં આવી હતી. બટુકેશ્વર દત્ત, બાબારાવ સાવરકર, વિનાયક દામોદર સાવરકર, દિવાન સિંહ અને અન્ય ઘણા લોકો અહીંની જેલમાં કેદમાં રાખવામાં આવ્યા હતા. અંગ્રેજોએ કેદીઓને રાખવા માટે આ જગ્યા ખાસ પસંદ કરી હતી. આના ઘણા કારણો હતા. પ્રથમ, જેલની આજુબાજુનો પાણીયુક્ત વિસ્તાર, જ્યાંથી કેદીઓ માટે ભાગવું અશક્ય છે. અલગ-અલગ ભૌગોલિક સ્થિતિને કારણે કેદીઓ માટે અહીંથી ભાગી જવું અશક્યહતું. અન્ય જેલોની સરખામણીમાં આજે પણ અહીંની જેલ ખૂબ જ મજબૂત માનવામાં આવે છે. જો તમે પોર્ટ બ્લેર જેલના ઉદાહરણ પરથી સમજો છો, તો અંગ્રેજોએ તેને બનાવવા માટે અલગ-અલગ જગ્યાએથી સામગ્રીનો ઉપયોગ કર્યો હતો. આ માટે બર્માથી આયાત કરાયેલી ઈંટોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. લોખંડની જાળી અને કેદીઓ દ્વારા પહેરવામાં આવતી રિંગ (ગળામાં અને પગમાં પહેરાવામાં આવતી) ઈંગ્લેન્ડથી મંગાવવામાં આવી હતી. જેલ બનાવવા માટે, આવા સ્થાનની પસંદગી કરવામાં આવી હતી, જેથી વસ્તીવાળા વિસ્તારોને અહિથી દૂર રાખવામાં આવે. તેમને તેમના સમર્થકોથી એટલા દૂર રાખવા જોઈએ કે ષડયંત્ર રચવું પણ અશક્ય બની જાય. જગ્યા એટલી દૂર હોવી જોઈએ કે આસપાસ કોઈ વસ્તી ન હોય. એક જેલમાં લગભગ ૬૯૩ સેલ હોય છે. અંગ્રેજોના જમાનામાં અહીં જેલમાં રહેવું વધુ મુશ્કેલ હતું. કેદીઓને સખત મહેનત કરવા છતાં તેમને પૂરતું ભોજન પણ મળતું ન હતું. કેદીઓ તેમનો મોટાભાગનો સમય મજૂરીમાં પસાર કરતા હતા. જો કામ સમયસર પૂરું ન થાય તો કેદીઓને સખત સજા આપવામાં આવતી હતી. પરિણામે ઘણા કેદીઓ શારીરિક અને માનસિક રીતે ભાંગી પડ્યા હતા. તે જ સમયે, કેટલાક આત્મહત્યા પણ કરતા હતા. આ જ કારણ હતું કે અહીંની જેલોમાં જે સજા થાય છે તેને કાળા પાણીની સજા કહેવામાં આવે છે.

# તાઇવાનની સેમિકન્ડક્ટર કંપનીઓ ભારતમાં પ્લાન્ટ સ્થાપવા માટે શોધી રહી છે જગ્યા

## વિશ્વના ૭૦ ટકાથી વધુ સેમિકન્ડક્ટર્સ અને ૯૦ ટકાથી વધુ ચિપ્સનું ઉત્પાદન કરે છે તાઈવાન

નવી દિલ્હી, તા.૫

જયારથી ચીન અને તાઈવાનમાં ટશનની શરૂઆત થઈ, ત્યારથી એવી ચર્ચા ચાલી રહી હતી કે તાઈવાનની કંપનીઓ ટૂંક સમયમાં ચીન સાથે તેમનો બિઝનેસ સંપેટી શકે છે. અમેરિકાએ તાઈવાનને સમર્થન આપ્યું ત્યારે આ વાતને વધુ હવા મળી. હવે જે સમાચાર સામે આવી રહ્યા છે તે ભારત માટે ખુબ જ ખુશીના છે. હકીકતમાં, તાઈવાનની સેમિકન્ડકટર કંપનીઓ ભારતમાં પ્લાન્ટ સ્થાપવા માટે જગ્યા શોધી રહી છે. બીજી તરફ, ભારત પણ તાઈવાનની સેમિકન્ડક્ટર કંપનીઓ માટે રેડ કાર્પેટ પાથરવા તૈયાર છે. જો આમ થશે તો દેશમાં લાખો રોજગારીનું સર્જન થશે, સાથે જ ભારત સેમિકન્ડકટર મેન્યુફેકચરિંગની દ્રષ્ટિએ વિશ્વનો સૌથી મોટો દેશ બનવા તરફ આગળ વધશે. આવો અમે તમને એ પણ જણાવીએ કે મીડિયા રિપોર્ટ્સમાં કેવા સમાચારો વહેતા થઈ રહ્યા છે. ચીન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે, તાઈવાન સરકારના ટોચના નીતિ ઘડવૈયાઓએ જણાવ્યું છે કે તાઈવાનની મોટી ટેક કંપનીઓ ચીનના બજારમાં તેમના એક્સપોઝરને ઘટાડવા માટે તેમનો ઉત્પાદન આધાર ભારતમાં શિફ્ટ કરવાનું વિચારી રહી છે. તાઈવાનના રાષ્ટ્રીય વિકાસ નાયબ પ્રધાન કાઓ શિન-ક્વિએ જણાવ્યું હતું કે, સેમિકન્ડકટર અને ઈલેક્ટ્રોનિક્સ ઘટકોના ઉત્પાદન સહિત અનેક ટેક ક્ષેત્રોમાં નવી દિલ્હી અને તાઈપેઈ વચ્ચે સહકાર માટે વિશાળ અવકાશ છે. આંતરરાષ્ટ્રીય પત્રકારોના સમૂહ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે, તાઈવાનની મોટી ટેક કંપનીઓ વૈશ્વિક સપ્લાય ચેઈનને મજબૂત કરવા માટે ભારતને એક મહત્વપૂર્ણ દેશ તરીકે જોઈ રહી છે. બેઈજિંગ અને વોશિંગ્ટન વચ્ચે વધી રહેલા વેપાર યુદ્ધ અને તાઈવાનની આસપાસ ચીની સૈન્યની વધતી જતી તાકાતને ધ્યાનમાં રાખીને, તાઈવાનની કંપનીઓ તેમના ઉત્પાદન આધારને ચીનથી યુરોપ, ઉત્તર અમેરિકા, અમેરિકા અને ભારતમાં સ્થાનાંતરિત કરવાનું વિચારી રહી છે. ગયા વર્ષે ઓગસ્ટમાં યુએસ હાઉસ સ્પીકર નેન્સી પેલોસીની તાઈવાન મુલાકાત બાદ ચીન અને તાઈવાન વચ્ચેના સંબંધો વધુ તંગ બન્યા છે. વિશ્વની સૌથી મોટી ચિપ નિર્માતા તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન ઉપરાંત, ભારત અન્ય મોટી તાઈવાનની ચિપ ઉત્પાદક કંપનીઓ માટે રેડ કાર્પેટ પાથરવા તૈયાર છે. જેના ગ્રાહકોમાં વિશ્વની સૌથી મોટી કંપની એપલનો સમાવેશ થાય છે. Xien-Q એ જણાવ્યું હતું કે વૈશ્વિક સપ્લાય ચેઈન પુનઃરચના અને 'ચાઈના પ્લસ વન' વ્યૂહરચનાનાં મોટા સંદર્ભ સાથે, મને ખાતરી છે કે અમે સેમિકન્ડક્ટર અને માહિતી અને સંચાર ઉદ્યોગોમાં બંને પક્ષો વચ્ચે સહકારને વેગ આપીશું. એવું જાણવા મળ્યું છે કે તાઈવાનની કંપનીઓ મોટી સંખ્યામાં ભારતમાં બે ઔદ્યોગિક પાર્કમાં ઉત્પાદન કેન્દ્રો સ્થાપવા જઈ રહી છે, જે ફક્ત તાઈવાનના મુખ્ય ઉદ્યોગો માટે જ સ્થાપવામાં આવી રહ્યા છે. એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે તાઈવાનની સેમિકન્ડકટર કંપની ભારતમાં ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે વાતચીત અંતિમ તબક્કામાં છે. તાઈવાન વિશ્વના ૭૦ ટકાથી વધુ સેમિકન્ડક્ટર્સ અને ૯૦ ટકાથી વધુ અદ્યતન ચિપ્સનું ઉત્પાદન કરે છે. જે સ્માર્ટફોન, કારના ઘટકો, ડેટા સેન્ટર્સ, ફાઈટર જેટ્સ અને AI ટેક જેવા લગભગ તમામ ઈલેક્ટ્રોનિક ઘટકો માટે જરૂરી છે. સુન-ત્ઝુ સૂએ કહ્યું કે તાઈવાન સરકારે કહ્યું કે તે તમારો વેપાર વધારવા માટે ભારત સાથે વેપાર કરાર પર વાટાઘાટો કરવાનો પ્રયાસ કરી રહી છે. તાઈવાન સ્થિત ફોક્સકોન, જે એપલની સૌથી મોટી સપ્લાયર છે, તેની પાસે તમિલનાડુમાં આઈફોન ઉત્પાદન સુવિધા છે. કંપની હવે કર્ણાટકમાં અન્ય આઈફોન ઉત્પાદન સુવિધા સ્થાપી રહી છે, જેનું ઉત્પાદન આવતા વર્ષે એપ્રિલ સુધીમાં શરૂ થવાની ધારણા છે. નવી દિલ્હી અને તાઈપેઈએ લગભગ પાંચ વર્ષ પહેલાં સીમાચિહ્નરૂપ દ્વિપક્ષીય રોકાણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેનો ઉદ્દેશ્ય ભારતમાં તાઈવાનના રોકાણને સુરક્ષિત કરવાનો છે. ભારત અને તાઈવાન વચ્ચે દ્વિપક્ષીય વેપાર ઝડપથી વધી રહ્યો છે. બંને વચ્ચેનો વેપાર ૨૦૦૬મા US$2 બિલિયનથી વધીને ૨૦૨૧માં US$8.9 બિલિયન થઈ ગયો છે. સુન-ત્ઝુ સુએ જણાવ્યું હતું કે તાજેતરમાં, અમે તાઈવાનની કંપનીઓ ભારતમાં આવી રહી છે અને કામગીરી વિસ્તરી રહી છે તે જોયા છે. ફોકસકોનનું વિસ્તરણ તેનું ઉદાહરણ છે. ડેપ્યુટી મિનિસ્ટર શિએન-ક્યૂએ કહ્યું કે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં ભારત અને તાઈવાન વચ્ચે સહયોગનો ઘણો અવકાશ છે.

# ૭ જુલાઈએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ દિલ્હી જશે

## ૨૦૨૪ પહેલા ભાજપ શાસિત રાજ્યોમાં પ્રદેશ સંગઠનના માળખામાં ફેરફારની કવાયત

(જી.એન.એસ)

ગાંધીનગર,તા.૦૫

ભાજપના કેન્દ્રીય સંગઠનના માળખામાં ફેરફાર પહેલાં દિલ્હીમાં મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે. ૭ જુલાઈએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ દિલ્હી જવાના છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા તથા રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષની અધ્યક્ષતામાં આ બેઠક યોજાવાની છે. જેમાં રાષ્ટ્રીય કારોબારીના પદાધિકારીઓ પણ હાજર રહેવાના છે. ગુજરાત ભાજપ સાથે રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, છત્તીસગઢ ,હરિયાણાપ્રદેશ ભાજપની પણ દિલ્હીમાં બેઠક મળશે.આ બેઠકમાં ગુજરાતની વર્તમાન પરિસ્થિતિને લઈને ચર્ચા કરવામાં આવશે. ૨૦૨૪ પહેલા ગુજરાત ભાજપમાં માળખામાં ફેરફારને લઈને પણ બેઠકમાં ચર્ચા થઈ શકે છે. જે પી નડ્ડાની નવી ટીમમાં ગુજરાતમાંથી નામોને લઈને પણ ચર્ચાની શકયતા છે. ૨૦૨૪ પહેલા ભાજપ શાસિત રાજ્યોમાં પ્રદેશ સંગઠનના માળખામાં ફેરફારની કવાયત હાથ ધરાશે.ભાજપ દ્વારા ૨૦૨૪ લોકસભાની ચૂંટણી સાથે ૨૦૨૩માં જે રાજ્યોમાં ચૂંટણી આવી રહી છે એને લઈને પણ એક્શન પ્લાન તૈયાર થઈ રહ્યો છે. ભાજપના રાષ્ટ્રીય સંગઠન દ્વારા આ જ કારણથી દેશના વિવિધ રાજ્યોને ૩ અલગઅલગ ક્લસ્ટરમાં ગોઠવવામાં આવ્યા છે. સાથે જ બેઠકનો દોર પણ ૬ જુલાઈથી શરૂ કરવામાં આવશે. ઉત્તર, દક્ષિણ અને પૂર્વ એમ ૩ અલગ અલગ ઝોન વાઈસ આગામી સમયમાં બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. બેઠક બાદ જે પી નડ્ડાની ટીમ, અલગ અલગ રાજ્યોના પ્રદેશ માળખા સહિતને લઈને નિર્ણય લેવામાં આવશે. બેઠકમાં તમામ રાજ્યના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ, તથા રાષ્ટ્રીય કારોબારીના સભ્યો હાજર રહેશે.૬ જુલાઈએ ગુવાહાટીમાં પૂર્વ ક્લસ્ટરની બેઠક યોજાશે. જેમાં બિહાર, ઝારખંડ, ઓરિસ્સા, બંગાળ, આસામ, સિક્કિમ, અરુણાચલ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, મેઘાલય તથા ત્રિપુરાના પ્રદેશ હોદ્દેદારો મુખ્યમંત્રી હાજર રહેશે. તો ૭ જુલાઈએ દિલ્હીમાં ઉત્તર રિજયનની બેઠક યોજાશે. જેમાં ગુજરાત સહિત જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ, ચંદીગઢ, રાજસ્થાન, દિવ દમણ, દાદર નગર હવેલી, એમપી, યુપી, ઉત્તરાખંડ, દિલ્હી, છત્તીસગઢ તથા હરિયાણા રાજ્યમાં ભાજપના પ્રદેશ પ્રમુખ, સીએમ, ડેપ્યુટી સીએમ તથા મહામંત્રીઓ હાજર રહેશે.આ બેઠક ગુજરાતની દ્રષ્ટિએ મહત્વની છે કેમ કે ગુજરાત પ્રદેશ માળખાના બદલાવને લઈને બેઠક બાદ કોઈ નિર્ણય આવી શકે છે. ૮ જુલાઈએ દક્ષિણ રિજિયનની બેઠક હૈદરાબાદમાં યોજાશે.



ભુખ્યા પેટે અને ઉઘાડા પગે આપણને ભણતર અનુકુળ આવશે ?



ગરીબ બાળકો શિક્ષિત થશે તો આપણને મત કોણ આપશે ?



શરીરનું વજન વધાર્યું પરંતુ પક્ષમાં વજન ઘટયું તેનું શું ?



# જૂનાગઢ અને ગીર-સોમનાથ સહિતના જીલ્લામાં ખરીફ પાકનું ઉજળુ ચિત્ર

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૫


જૂનાગઢસહિત સોરઠપંથકમાં અનેસૌરાષ્ટ્રભરમાં આ વર્ષે શરૂઆતમાં પડેલા ભારે વરસાદના કારણે ખરીફ પાકનું ચિત્ર ઉજળુ બન્યું છે અને જેના કારણે ખેડૂત વર્ગ ખુશખુશાલ બની અને ખેત કાર્યમાં લાગી ગયેલ છે. આ વરસાદે ક્યાંક ફાયદારૂપ બનીને વરસ્યો છે તો કયાંક નુકશાની પણ કરી છે. તેવા સંજોગોમાં જૂનાગઢ જીલ્લો અને ગીર-સોમનાથ જીલ્લામાં વાવેતરનું ચિત્ર હાલ તો સારૂ જણાઈ રહ્યું છે. આ વર્ષે સોરઠમાં પડેલા ભારેથી અતિભારે વરસાદને લઈને ખરીફ પાકનું ચિત્ર ગત વર્ષની સરખામણીએ ૪૦ ટકા સારૂ જોવા મળી રહ્યા છે. વર્ષ ૨૦૨૨માં તા.૧ જુલાઈ સુધીમાં જૂનાગઢ, ગીર-સોમનાથ તેમજ પોરબંદર જીલ્લામાં ૩,૨૦,૨૨૧ હેકટરમાં વાવેતર થયું હતું. તેની સરખામણીએ આ વર્ષે ૨૦૨૩ના તા.૧ જુલાઈ સુધીમાં ૫,૬૮,૧૧૭ હેકટરમાં ખરીફ પાકનું વાવેતર કરી નાખવામાં આવતા ગત વર્ષની સરખામણીએ ઓણસાલ ૧,૨૨,૯૬૦ હેકટરના વાવેતરમાં વધારો થયો છે. જૂનાગઢ જીલ્લાની વાત કરીએ તો ગત વર્ષે આજની સ્થિતિએ ૨૪૫૨૫૦ હેકટરમાં વાવેતર થયું હતું. જેની સરખામણીએ આ વર્ષે ૩૧૩૭૬૫ હેકટરમાં વાવેતર થયું છે. જેમાં સૌથી વધુ મગફળીનું ૧૮૭૬૦ હેકટરમાં તો કપાસનું ૫૩૧૮૫ હેકટરમાં અને સોયાબીનનું ૫૯૪૩૦ હેકટરમાં વાવેતર થયું છે. જયારે ગત વર્ષે જીલ્લામાં આજની સ્થિતિએ મગફળીનું ૧૭૪૪૯૫ હેકટરમાં, કપાસનું ૩૧૭૧૦ હેકટરમાં અને સોયાબીનનું ૩૨૬૩૫ હેકટરમાં વાવેતર થયું હતું. તેવી જ રીતે ગીર-સોમનાથ જીલ્લામાં ગત વર્ષે આજની સ્થિતિએ ૧૩૮૮૧૭ હેકટરમાં વાવેતર થયું હતું. જેની સરખામણીએ આ વર્ષે ૧૪૭૫૫૪ હેકટરમાં વાવેતર થયું છે. જેમાં સૌથી વધુ મગફળીનું ૭૭૭૩૦ હેક્ટરમાં તો કપાસનું ૧૬૯૪૭ હેકટરમાં અને સોયાબીનનું ૩૩૬૨૭ હેકટરમાં વાવેતર થયું છે. જયારે ગત વર્ષે જીલ્લામાં આજની સ્થિતિએ મગફળીનું ૮૪૭૫૨ હેકટરમાં, કપસાનું ૧૮૩૩૫૯ હેકટરમાં અને સોયાબીનનું ૨૧૭૩૮ હેકટરમાં વાવેતર થયું હતું. તેમજ પોરબંદર જીલ્લામાં ગત વર્ષે આજની સ્થિતિએ ૬૧૦૯૦ હેકટરમાં વાવેતર થયું હતું. જેની સરખામણીએ આ વર્ષે ૧૦૬૭૯૭ હેકટરમાં વાવેતર થયું છે. જેમાં સૌથી વધુ મગફળીનું ૭૪૩૩૦ હેકટરમાં, કપાસનું ૧૧૨૩૫ હેકટરમાં અને સોયાબીનનું ૪૧૫૫ હેકટરમાં વાવેતર થયું છે. જયારે ગત વર્ષે જીલ્લામાં આજની સ્થિતિએ મગફળીનું ૪૭૫૦૦ હેકટરમાં, કપાસનું ૭૯૬૦ હેકટરમાં અને સોયાબીનનું ૧૨૦ હેકટરમાં વાવેતર થયું હતું.



# જૂનાગઢના વણઝારી ચોકમાં વહેતા ગટરના પાણીથી જનતા ત્રાહિમામ

## પ્રાથમિક શાળા પાસે જ પશુઓના જમેલા અને ગંદકીથી વિદ્યાર્થીઓના આરોગ્ય ઉપર ખતરો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૫



જૂનાગઢના વણઝારી ચોક (દરગાહ સામેની ગલી)માં ગટરના વહેતા ગંદા પાણી અને ઢોરના અડિંગો લોકો હેરાન છે..આ ગંદકીથી લપસી જવાનો બનાવ પણ બન્યા છે. આ અંગે મળતી વિગતો અનુસાર જૂનાગઢના વણઝારી ચોક (તળાવ દરવાજા)ની શેરી નં.૧માં ગટરોના ઢાંકણામાંથી સતત ગંદુ પાણી રોડ ઉપર વહી રહ્યું છે આ ગલીનો રસ્તો ગટરને વ્યવસ્થિત કરવા વારંવાર તોડવામાં આવ્યો હતો અને ફરી પાછો સિમેન્ટ રોડ બનાવવામાં આવ્યો છે પણ અત્યારે ગટરના ઢાંકણા અને આ રોડ પર ઠેરઠેર પડેલા અસંખ્ય ગાબડાઓના કારણે આ વિસ્તાર છેલ્લા પાંચેક વર્ષથી સૌથી વધુ ગંદકીવાળા વિસ્તાર તરીકે પંકાયેલો છે. દોઝખ બનેલા આ વિસ્તારથી ગલીમાં વહેતા ગટરના પાણી, ખાણીપીણીની લારીઓની પેશકદમી વચ્ચે જ્યારે લોકો આ રસ્તા ઉપર ચાલતા હોય અને સામેથી કાર કે બાઈક જેવા વાહનો આ સાંકડી ગલીમાં સામસામે થાય ત્યારે આ વિસ્તારના રહેવાસીઓની સ્થિતિ દયાજનક બની જાય છે. આ રસ્તાની સામી બાજુએ તાલુકા શાળા આવેલી છે જ્યાં બાળકો રોજ ભણવા આવે છે. આ શાળાના દરવાજે જ રખડતા ઢોરનો તબેલો ઉભો કરવામાં આવ્યો છે.

આ તબેલામાં ઉભેલા ઢોરને કોઈ ઘાસ નાંખે એટલા માટે લારીવાળા ઘાસ લઈ અહી ઉભા રહે છે. જેના કારણે અહીં પશુઓના મળમુત્રની ગંદકી ઠેર-ઠેર ફેલાય છે. આ બાબતે સબંધિત તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાની માંગણી લોકોમાંથી ઉઠવા પામી છે.

# કેન્સરનાં પહેલા સ્ટેજમાં જ યોગ્ય નિદાન દર્દી માટે સુયોગ્ય સારવાર સરળ બનાવે છે : ખ્યાતી વસાવડા

## હૃદયરોગ ધરાવતા દર્દીને કેન્સરની સફળ સારવાર કરતી રાજકોટ કેન્સર સોસાયટી

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા. ૫




સામાન્યરીતે કેન્સરનું નામ સાંભળતા ઘણા દર્દીઓ ડરીને ઓપરેશન અથવા કોઈપણ ઠોસ ઈલાજ કરવાને બદલે દેશી દવાઓ તરફ વળી જાય છે. અને શરૂઆતનો તબકકો ચુકી જાય છે જેમાં નાના ઓપરેશનથી ઈલાજ સફળ થઈ શકે એમ હોય છે તેના બદલે સમય જતાં તે કેન્સરની અસર વધી જાય છે. આવી જ રીતે ઘણી બધી દેશી દવાઓ અને નિદાનની કોશિષ બાદ એક ૫૯ વર્ષનાં કેન્સરનાં દર્દી રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પીટલ) ખાતે સારવાર અર્થે આવેલ હતાં. દર્દીને કેન્સર નીચલા હોઠ તથા દાઢી સુધી ફેલાયેલ હતું. રાજકોટ કેન્સર સોસાયટીનાં હેડ એન્ડ નેક કેન્સર સર્જન ડો. ખ્યાતિ વસાવડા તથા તેમની ટીમની દેખરેખ હેઠળ દર્દીની સારવાર તાત્કાલીક ધોરણે શરૂ કરવામાં આવી હતી. કેન્સર જેવા રોગની સારવાર શરૂ કરતા પહેલા દર્દીની પ્રાથમિક તપાસ કરવી ખુબ જ જરૂરી હતી. ડો. ખ્યાતિ વસાવડાનાં જણાવ્યા મુજબ દર્દીની પ્રાથમિક તપાસ અને જરૂરી રીપોર્ટસ કરતા માલુમ થયું કે દર્દીને હૃદયની તકલીફનાં કારણે જટીલ પ્લાસ્ટીક સર્જરી કરી શકવા શારીરીક ક્ષમતા પુરી ન હતી. દર્દીની સી.ટી. સ્કેનની યોગ્ય તપાસ ક્યાં બાદ દાઢીનાં હાડકાને બચાવીને સર્જરી કરવાનું નકકી કરવામાં આવ્યું તથા ટુંકા સમયમાં સર્જરી પૂર્ણ થઈ શકે તેવી પ્લાસ્ટીક સર્જરી કરવાનું આયોજન કરવામાં આવ્યું જેથી દર્દીને સારવાર દરમ્યાન કોઈ અન્ય તકલીફ કે જોખમ ન રહે. ડો. ખ્યાતિ વસાવડા દ્વારા ટુંક સમયમાં જ ઓપરેશન કરીને દર્દીને સંપૂર્ણ રોગ મુકત કરવામાં આવ્યા અને છાતીનાં માસ વડે યોગ્ય પ્લાસ્ટીક સર્જરી કરીને નવો હોઠ તથા દાઢીનો ભાગ બનાવવામાં આવ્યો અને માત્ર ૧૦ દિવસમાં દર્દીને બધા જ પ્રકારની નળીઓ કાઢી નાખવામાં આવી તથા દર્દીએ મોઢેથી ખોરાક લેવાનું ચાલુ કર્યુ હતું. કેન્સર જેવા રોગમાં યોગ્ય સમયે સારવાર કરવાથી શરૂઆતનાં સ્ટેજમાં જ કેન્સરનું સુયોગ્ય નિદાન દર્દી રહીત અને સરળતાથી થઈ શકે છે. કેન્સર પ્રત્યેની ખોટી માન્યતાઓથી દુર રહી યોગ્ય માર્ગદર્શન અને સમયસરનાં નિદાનથી કેન્સર મટી શકે છે. આ એક પહેલા રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલા કેન્સર હોસ્પીટલ) દ્વારા કરવામાં આવે છે. ડો. ખ્યાતિ વસાવડાએ લોકોને ધુમ્રપાન ન કરવા તથા કેન્સરને લગતા ચેકઅપ કરાવવા અપીલ કરી છે.

# યાત્રાધામ દ્વારકામાં 'અન્ડરગ્રાઉન્ડ બજારમાં' સોપારીના વેપારીનો દબદબો

## દ્વારકામાં સોપારીના કાળા બજારના નાણાં જમીન મકાનમાં સફેદ કરવા વેપારી મેદાને : કોરોનાકાળમાં કરોડોની કમાણી કરી હતી : નગરમાં તરેહ-તરેહની ચર્ચા

### કબૂતર બીલ મારફત ચાલે છે સમગ્ર વહીવટ

સોપારીના કાળા કરોબારમાં ૬૦ ટકા માલ બીલ વગર અને ૪૦ ટકા માલ બીલમા આવતો હોય અને વહીવટ કબૂતર બીલ મારફત ચાલતો હોય જેથી આ કાળા નાણાંને સફેદ કરવા વેપારી દ્વારા જમીન મકાન અને હોટલમાં રોકાણ કરતા આ મુદ્દે શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### સમગ્ર મામલે તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવે

સોપારીના કાળા કારોબારમા કરવેરા તથા સંબંધિત વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરાય તો મસમોટું કૌભાંડ બહાર આવી શકે છે માટે પરંતુ તંત્રનાં રડારથી કેવી રીતે બચી જાય છે એ સવાલ પણ બાબુઓની મિલીભગતનો ઈશારો કરે છે.

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા, તા.૫

યાત્રાધામ દ્વારકમાં કન્યા રાશિના સોપારીના કાળા બજારના નાણાં જમીન મકાન અને હોટલોમાં સફેદ કરવા વેપારી મેદાને પડતા તરેહ-તરેહની ચર્ચા શરૂ થઈ છે. યાત્રાધામ દ્વારકામાં અન્ડર ગ્રાઉન્ડબજારમાં સોપારીના વેપારીઓનો દબદબો છે. કોરોનાકાળમાં કાળા બજાર કરી કરોડોની કમાણી કરનાર કન્યા રાશિના સોપારીના વેપારીએ અન્ય ધંધામાં ઝંપલાવતા આ મુદ્દો નગરમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. દ્વારકામાં ઘણાં સમયથી અન્ડર ગ્રાઉન્ડ બજારમાં કન્યા રાશિના સોપારીના વેપારીની બોલાબાલા છે. ખાસ કરીને કાળા નાણાંને સફેદ કરવાના ખેલમાં સોપારીના વેપારીઓનો દબદબો છે. જે પૈકી કોરોના કાળમાં સોપારીના ખુલ્લેઆમ કાળા બજાર કરી સોપારીનો એક વેપારી કરોડોમાં આળોટી રહ્યો છે. સોપારીના કાળા બજારમાં કરોડો કમાનાર વેપારી કાળા નાણાંને સફેદ કરવા જમીન મકાનના ધંધામાં મેદાને પડતા આ મુદે ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

# ઈતિહાસમાં પ્રથમવાર દ્વારકાધીશ મંદિરના શિખર પર ૬ ધ્વજા ચઢાવાઈ

## સવારે ૪ ધ્વજા અને સાંજે ૨ ધ્વજા મંદિરે ચઢાવાશે

(જી.એન.એસ) દ્વારકા,તા.૫

પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાધીશ મંદિરના શિખર પર અલગ અલગ ૬ ધ્વજા લહેરાવામાં આવી. વાવાઝોડાને લીધે જે ભાવિકોની ધ્વજા મંદિરના શિખર પર ચડાવાઈ શકી નહતી. જેના કારણે હવે દરરોજ ૧૫ દિવસ સુધી ૫ને બદલે ૬ ધ્વજા ચઢાવવામાં આવશે. સવારે ૪ ધ્વજા અને સાંજે ૨ ધ્વજા મંદિરે ચઢાવાશે. દ્વારકાધીશ મંદિર પર દરરોજ જુદા જુદા ભક્તો દ્વારા પાંચ ધ્વજા ચઢાવવામાં આવે છે. બિપરજોય વાવાઝોડાના સંદર્ભે ભાવિકોની ધ્વજા મંદિરના શિખર ઉપર ચડી શકી નહોતી. તેથી હવે વેઈટિંગ લિસ્ટમાં રહેલા લોકોની ધ્વજાચઢાવાની મનોકામના પુરી થશે અને ૧૫ દિવસ સુધી રોજ ૬ ધજા ચઢાવવામાં આવશે. દરરોજ સવારે ત્રણ અને સાંજે બે એમ પાંચ ધ્વજા ચઢાવાતી હતી. જે હવે સવારે ચાર અને સાંજે બે એમ કુલ છ ધ્વજા મંદિરના શિખર ઉપર ચઢાવવામાં આવશે.

# વેરાવળના સીનીયર પત્રકારને બીભત્સ શબ્દો કહી જાનથી મારી નાખવાની ધમકી : પોલીસ ફરિયાદ

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા.૫

વેરાવળના સીનીયર પત્રકારને વોટસઅપમાં તથા કોલ અને મેસેજ કરી બીભત્સ શબ્દો ભાંડી તેમને તથા તેમના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરેલ છે. આ બનાવની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ વેરાવળમાં આઈ.ડી.ચૌહાણ સ્કૂલની સામે ગ્રીનપાર્ક વિસ્તારમાં રહેતા અને ફીશીંગ બોટના સ્પેરપાર્ટસ તથા પ્રેસ રીપોર્ટર તરીકે કામ કરતા મહમદઈલીયાસ કાસમભાઈ સોરઠીયા (ઉ.વ.૫૩)ને ગત તા.૨૭-૬-૨૦૨૩ના સાંજના સમયે મો.નં.૯૮૯૮૦ ૨૨૭૬૮ ઉપર વોટસએપ એકાઉન્ટમાં ઓડીયો કલીપો આવેલ જેમાં વસીમ ઉર્ફે કવાલ ઓસમાણ ભામાણી રહે.લક્કી કોલોની વાળાએ તેના મો.નં. ૭૦૬૯૬ ૩૭૩૦૧ ઉપરથી આ રેકોડીંગ કરી મોકલાવેલ જેમાં બે ફામ રીતે બીભત્સ શબ્દો બોલી મહમદભાઈ તથા તેના પુત્ર અને પરીવારના ટુકડા કરી નાખવાની ધમકી આપતા મેસેજ મોકલાવેલ અને વસીમે જયાં ફરીયાદ કરવી હોય ત્યાં કરી દેવાની અને દુનિયામાં વસીમ માટે કોઈ જેલ બની જ નથી અને દશ દીવસમાં તારા તથા પરીવારના ટુકડા કરી નાખવા તેવું રેકોડીંગ સાંભળતા મહમદભાઈ હતપ્રત થઈ ગયેલ અને વસીમે મોકલાવેલ આશરે પંદરેક કલીપો મહમદભાઈના નાના ભાઈ મુનીરભાઈ તથા વસીમના ભાઈ તોફીકને મોકલાવેલ જેથી બન્નેએ વસીમ હવે તમને હેરાન નહીં કરે તેવું જણાવેલ પરંતુ બીજા દિવસે તા.૨૮-૬-૨૦૨૩ના બપોરના સમયે ફરીથી વસીમે તેના મોબાઈલ નંબર ઉપરથી વોટસઅપ મારફત મેસેજો મોકલી જેમ ફાવે તેમ બીભત્સ શબ્દો લખેલ અને મારી નાખવાની તથા કટકા કરી નાખવાની ધમકી આપી હવે તારી છેલ્લી ઈદ થઈ ગયેલ તેવા મેસેજો મોકલાવેલ હોય જેથી વસીમને ફોન કરી સમજાવતા ફોનમાં પણ જેમ ફાવે તેમ બીભત્સ શબ્દો બોલી મારી નાખવાની ધમકી આપતા મહમદભાઈ ભયભીત થઈ અને ગભરાઈ જતા તેમને હદય ઉપર દબાણ આવી જતા છાતીમાં દુ:ખાવો ઉપડતા તાત્કાલીક વેરાવળની ખાનગી હોસ્પીટલ આદીત્ય બીરલામાં સારવારમાં ખસેડેલ હતા અને આ બનાવ અંગે વસીમ સામે પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આઈ.પી.સી. કલમ ૫૦૭ સહીતની કલમો હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ પોલીસે હાથ ધરેલ છે.

# મેંદરડા તાલુકાના અમરાપુર ગામેથી ઈંગ્લીશ દારૂ સાથે ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) મેંદરડા તા.૫

મેંદરડા પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે અમરાપુર નજીકથી દારૂના જથ્થા સાથે ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે આપેલી વિગત અનુસાર, મેંદરડા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ જયદિપસિંહ મહિપતસિંહએ રવિભાઈ હેમતભાઈ ચાંડપા રહે.ભંડુરી, અરજણભાઈ પોપટભાઈ વાજા રહે.અમરાપુર, માલદેભાઈ અરશીભાઈ બરેજા રહે.અમરાપુર વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં-૧નાએ પોતાના હવાલાની મોપેડ મો.સા.રજી.નં.જીજે-૩૨-ઈ-૨૨૨૩ વાળીમાં ગે.કા.પાસ પરમીટ વગર ભારતીય બનાવટનો રોયલ કલાસીક વ્હીસ્કી ૧૮૦ એમએલ ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી લખેલ પાઉચ્ નંગ૩૦ કિ.રૂ.૩૦૦૦નો લઈ આવી આરોપી નં.૨ તથા નં.૩ નાને આપી ઈંગ્લીશ દારૂની હેરાફેરીમાં એકબીજાને મદદગારી કરી ઈંગ્લીશ દારૂના ૧૮૦ એમએલના પાઉચ નંગ-૩૦ કિ.રૂ.૩૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ-૧ કિ.રૂ.૩૦૦૦ તથા મોપેડ મો.સા.૧ કિ.રૂ.૨૫૦૦૦ મળી આમ કુલ કિ.રૂ.૩૧,૦૦૦ના પ્રોહી મુદ્દામાલ સાથે ત્રણેય શખ્સોને ઝડપી લઈ તેના વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ અને મેંદરડા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# માળીયા હાટીના તાલુકાના સરકડીયા ગામે જાહેરમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૫

માળીયા હાટીના તાલુકાના સરકડીયા ગામે પોલીસે જુગાર અંગે દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને રૂ.૧૬૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

માંગરોળના મેણેજ ગામે જુગાર રમતા સાત ઝડપાયા

માંગરોળ પોલીસે ગઈકાલે મેણેજ ગામે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને કુલ રૂ.૪૬,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢના દુર્વેશનગરના લોકોના ઘર ચોખ્ખા થયા પરંતુ બદબુભર્યા વાતાવરણથી ત્રાહીમામ

(અનુ. પાના નં. ૮નું ચાલુ...)

ઘરમાં સર્જાયેલી નુકશાનીને સાફ કરતા ત્રણ દિવસ લાગી ગયા, હવે અહી લોકોના ઘરની આસપાસના વિસ્તારોમાં રસ્તા રોકી અને કાળવાના વોંકળા સાઈડની સાફ સફાઈ કરવા માટે મનપાએ ટીમો ઉતારી છે. જેમના દ્વારા હાલ કાદવ-કીચડ સાથે કસ્તર ઉપાડવાનું કામ ચાલી રહ્યું છે. પરંતુ ચારેકોર ગંદકીને લઈને આ વિસ્તારમાં દુર્ગંધયું વાતાવરણ સર્જાયું છે. આમ તો મનપા દ્વારા અહીં ડીડીટીનો છટકાવ કર્યો છે, પરંતુ લોકોના ઘરમાંથી હજુ કાદવ-કીચડની દુર્ગંધ જતી નથી, સાવ વાતાવરણ ચોખ્ખું થતા હજુ અનેક દિવસો વીતી જાય તેવી સ્થિતિ છે.

# કેશોદ સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ભારત વિકાસ પરિષદ દ્વારા ગરૂપૂજન કાર્યક્રમ યોજાયો



(ગોવિંદ હડિયા દ્વારા) કેશોદ તા.૫

ભારત વિકાસ પરિષદ કેશોદ શાખા દ્વારા વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે ત્યારે કેશોદની સરકારી ગર્લ્સ હાઈસ્કૂલમાં ભારત વિકાસ પરિષદ દ્વારા ગુરૂપૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાથે સાથે ગત વર્ષે ધોરણ ૯ થી ૧૨માં શાળામાં પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થિનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ભારત વિકાસ પરિષદમાંથી જગમાલભાઈ નંદાણીયા, વિજયભાઈ મહેતા તથા હિતેષભાઈ મેઘનાથી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય અને શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ગીરસોમનાથના તાલાલામાં ભારે વરસાદ

ગાંધીનગર, તા.૫

રાજ્યનાં ૩૪ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. ત્યારે છેલ્લા ૧૨ કલાકમાં રાજ્યનાં અમુક તાલુકાઓમાં છુટો છવાયો વરસાદ પડ્યો હતો. જેમાં ગીર સોમનાથનાં તાલાલામાં ૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે જામકંડોરણામાં ૨ ઈંચ વરસાદ અને મેદરડામાં પોણા બે ઈંચ વરસાદ, રાજુલામાં ૧.૩ ઈંચ, ઉપલેટામાં ૧ ઈંચ, ઉમરગામમાં ૧ ઈંચ તેમજ વાપીમાં પણ ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. સ્થાનિક હવામાન વિભાગ દ્વારા તા.૬ જુલાઈથી વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થવાની આગાહી કરાઈ છે.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **પ્રશાંત લક્ષ્મીદાસ બસરાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **પ્રશાંત લક્ષ્મણદાસ બસરાણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**પ્રશાંત લક્ષ્મણદાસ બસરાણી**

બી ૪૦૪, વિનસ એપાર્ટમેન્ટ, કોલેજ રોડ,

જૂનાગઢ - ૩૬૨૦૦૧

-:: ટૂંકી મુદતની નિવિદા નં.૦૧/૨૦૨૩-૨૪ ::-

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા. અને મ.પેટા વિભાગ-૨,જુનાગઢ, વંથલી દરવાજા, ગાંધી ચોક, જુનાગઢ ફોન નં.(૦૨૮૫)૨૬૨૪૭૨૬ ની કચેરી દ્વારા બિલ્ડિંગ ના નકશા અંદાજો, ડી.ટી.પી તથા સ્ટ્રકચર ડિઝાઈન તૈયાર કરવાના કામો માટે યોગ્ય નોંધણી ધરાવતી માન્ય અનુભવી કન્સલ્ટન્સીશ્રી ઓ પાસેથી વાર્ષિક ભાવો જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૭ માં આર પી એ.ડી./ સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીએ મંગાવવામાં આવે છે. આ નોટીસ અંગેની વધુ વિગતો માટે-કચેરીના કામકાજના સમય દરમિયાન સંપર્ક સાધવાથી મળી શકશે.

માહિતી/જૂના/૪૦૧/૨૦૨૩

### પ્રદેશ ભાજપનાં એક પદાધિકારીનાં 'શબ્દ'

# જૂનાગઢનાં કોઈ 'નેતા'માં રાજયસભાનું સભ્યપદ શોભાવવાની ક્ષમતા નથી

## સ્વ. સુર્યકાંતભાઈ આચાર્ય, સ્વ. નારસિંહભાઈ પઢીયાર, માજી આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યની જેમ 'વટ'થી લોકોનાં કામ કરાવી શકે તેવી લાયકાત આજનાં નેતાઓમાં છે ખરી ?









(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૫

જૂનાગઢમાં ભારે વરસાદને પગલે 'નેતા'ઓની એકતરફ પોલ ખોલી નાખી છે. તો બીજી તરફ પ્રજાનાં કેટલાય સેવકો 'જનતા'ને મદદ કરી શકયા નથી તે દિવા જેવું સ્પષ્ટ થઈ ગયુંછે. એટલુંજ નહીં ભાજપ પક્ષની આબરૂનું 'ધોવાણ' કરી નાખનારા જૂનાગઢી નેતાઓની કામગીરીથી અસંતુષ્ઠ પ્રદેશ કક્ષાનાં પદાધિકારીઓ, મુખ્યમંત્રી સુધ્ધાએ ગંભીર નોંધ લીધી છે. અને આગામી દિવસોમાં જ ઘણા જ ફેરફારો આવી રહયા છે. જૂનાગઢનાં ક્હેવાતા પક્ષનાંપદાધિકારીઓની અણઆવડત અને પ્રજાનાં પ્રશ્નોપ્રત્યેની બેદરકારીને પરીણામે લોક રોષ ઉઠયો છે ત્યારે લોકોનાં હૈયામાં ફરી પાછું સ્થાન પ્રાપ્ત કરવા અને કથળેલી સ્થિતિને 'ડેમેજ કંટ્રોલ' કરવા માટે મનોમંથન ચાલી રહયું છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જે પ્રેમ, લાગણી અને માન મરતબો જૂનાગઢની જનતા આપી રહી છે. અને ખોબલે ખોબલે મતો સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં આપ્યા છે તે મતો આગામી લોકસભાની ચુંટણી સુધી અકબંધ રહશે કે કેમ તે ગંભીર સવાલ ઉઠવા પામ્યો છે. જો આમને આમ રહયું તો ભાજપનું 'વજન' રહેશે નહીં તેવી આશંકા વ્યકત થઈ રહી છે. દરમ્યાન આગામી લોકસભાની ચુંટણીને હજુ વાર છે. પરંતુ ત્યાર પહેલા રાજયસભાની ચુંટણી માથે ગાજી રહી છે અને રાજયસભાનુંપદ મેળવવા માટે ઘણા સમયથી ટાંપીને બેઠેલા જૂનાગઢનાં કેટલાય નિવેદનીયા નેતા કે જેઓએ પ્રજાનાં કોઈ કામ આજ દિવસ સુધી કર્યા નથી. અને ખોટા અને મોટા પદ લઈને બેસેલા આ પ્રેસનોટયા કેટલાક નેતાઓએ લોબીંગ તો શરૂ કરી દીધું છે. પરંતુ તેઓનાં હાથ પહોંચે તેવી કોઈ શકયતા હાલ દેખાતી નથી !

જૂનાગઢનાં એવા નેતાઓ કે જેઓનાં આંટાફેરા માત્ર ફોટો પાડી સોશ્યલ મિડીયામાં મુકવા જૂનાગઢ ટુ ગાંધીનગર જયા કરે છે અને રાજયસભાની ટીકીટ માટે હવાતીયા મારી રહયા છે ત્યારે તેઓનાં પ્રયાસોને ફટકો લાગે તેવું ચર્ચાઈ રહયુંછે. જાણકાર સુત્રોનાં જણાવ્યા અનુસાર ગુજરાત પ્રદેશ કક્ષાનાં એક પદાધિકારીએ તો ત્યાં સુધી કહયું છે કે જૂનાગઢનાં કોઈ નેતામાં એવી લાયકાત નથી કે રાજયસભાનું સભ્યપદ શોભાવી શકે?

રાજયસભાનાં સભ્ય તરીકે શોભાયમાન બની ચુકેલા જૂનાગઢનાં પીઢ અને અડીખમ આગેવાન એવા સ્વ. સુર્યકાંતભાઈ આચાર્યને આજે યાદ કરવા જ રહયા. રાજયસભાનાં સભ્યપદે રહેલા સ્વ. સુર્યકાંતભાઈ આચાર્યએ જાહેર જીવનમાં કયારેય 'રૂમાલ' પાથર્યો ન હતો. મુરબ્બી શ્રી સુર્યકાંતભાઈ આચાર્ય, માજી આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્ય, નારસિંહભાઈ પઢીયારની નિષ્ઠા, પ્રજા પ્રત્યેની લાગણી અને એક ધાક એક વટથી પ્રજાનાં કાર્ય કરાવી શકવાની લાયકાત ધરાવતાં હતાં. આ ત્રણેય નેતાઓનું પ્રજા માનસમાં આજે પણ એટલું જ માન અને આદરભાવ ધરાવે છે. હા.. એક સત્ય બાબત એ પણ જણાવી દઈએ કે સત્તામાં રહેવા છતાં પણ સ્વ. સુર્યકાંતભાઈ આચાર્ય, માજી આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્ય, સ્વ. નારસિંહભાઈ પઢીયારને ક્યારેય એવા અભરખા જાગ્યા ન હોતા કે લાલ લાઈટવાળી ગાડીઓમાં ફરવાનાં? સુર્યકાંતભાઈ આચાર્ય, નારસિંહભાઈ પઢીયાર આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમની નિષ્ઠા, વફાદારી અને જૂનાગઢને રાજકીય પ્રવાહમાં ટોચનો મરતબો આપવાની કુનેહ અને કામગીરી કયારેય ભુલી શકાય તેમ નથી. કડવું સત્ય ગમે તેવું કોઈને પણ કહી દેવું તેવી નિડરતાં તેમનામાં હતી. આજે વૃધ્ધત્વને આરે પહોંચેલા અને વર્તમાન રાજકીય પ્રવાહોથી માહિતગાર એવા માજી આરોગ્યમંત્રી હેમાબેન આચાર્ય આજે પણ વિરાંગના બનીને ગમે તેવી સત્તા સામે ટકરાવવાની હામ ધરાવે છે. પ્રજાને થતો અન્યાય તેઓ સાંખી શકતા નથી આ છે સોરઠનાં નેતાઓની નિડરતા. આ નેતાઓ એવા છે કે તેઓ મંત્રીઓની પાછળ દોડતાં ન હતાં, ખુદ મુખ્યમંત્રી તેમનાં દ્વારે આવી પહોંચતા હતાં. જયારે આજનાં કથિત નેતાઓ મંત્રીઓની આગળ પાછળ ઘુમવામાંથી ઉંચા આવતા નથી અને પ્રજાનાં કામો વિસરી જાય છે. આવા નેતાઓને હવે પ્રજાએ જ તેનું સ્થાન બતાવી દેવાની જરૂર છે. અંતમાં હાલમાં બની બેઠેલા નેતાઓ પોતાનાં લક્ષણો જાણે જ છે અને તેઓને સ્પષ્ટ ચેતવણી છે કે 'ચેતી જાવ' અને એક કર્મઠ કાર્યકરની જેમ પ્રજાનાં સુખ-દુઃખમાં સાથ આપી નગરનાં વિકાસનાં કાર્યો, પ્રજાનાં કામો કરતા રહો, નહીંતર આજ અખબારનાં માધ્યમથી તેમની અત્યાર સુધીની સ્વવિકાસની પોલ જનતા સમક્ષ મુકતા અચકાશું નહી પછી ગમે તે હોય...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

## જૂનાગઢના નેતાઓનાં પાપે દુર્વેશનગરના લોકોના ઘર ચોખ્ખા થયા પરંતુ બદબુભર્યા વાતાવરણથી ત્રાહીમામ

### દુર્વેશનગરમાંથી કાદવ-કીચડ સાફ કરતા હજુ અનેક દિવસો લાગશે : મનપાની ટીમે સફાઈ અભિયાન હાથ ધર્યુ





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૫

તાજેતરમાં જૂનાગઢ શહેરમાં પડેલા ભારે વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણડુબ પાણી ફેલાયા હતા. જયારે દુર્વેશનગરમાં ગટરના પાણી લોકોના ઘરમાં ફરી વળ્યા હતા જેનો કારણે સારૂ એવું નુકશાન થયું છે તેમજ લોકો આ સમસ્યાથી ત્રસ્ત બન્યા હતા અને આ વિસ્તારના લોકોએ સંબંધીત તંત્ર તેમજ લોક સેવક તેમજ પ્રજાના પ્રતિનિધિઓ સામે ઉગ્ર રોષ ઠાલવ્યો હતો. આ દરમ્યાન હાલ લોકોના ઘર ચોખ્ખા થયા છે પરંતુ બદબુભર્યા વાતાવરણથી જનતા ત્રસ્ત છે અને હજુ ઘણા દિવસો સુધી યાતના સહન કરવી પડે તેમ લાગી રહ્યું છે. કાળવાના વોંકળાનું પાણી શહેરના દુર્વેશનગરમાં ફરી વળતા અહીંના ૨૦૦ જેટલા મકાનોમાં વરસાદી પાણી સાથે વોંકળાના ગંદા અને કાદવ કીચડથી ભરેલા પાણીએ સાર્વત્રિક વિનાશ વેર્યો હતો. જેને સાફ કરતા હજુ અનેક દિવસો નીકળી જાય તેવી સ્થિતિ છે. જૂનાગઢ શહેરમાં તાજેતરમાં પડેલા એકધારા ત્રણ દિવસના વરસાદને લઈને કાળવાના વોંકળાનું પાણી નરસિંહ મહેતા સરોવરમાં જતું અટકાવી દેવામાં આવતા તે પાણી નીચાણવાળા દુર્વેશનગરમાં ફરી વળ્યુંહતું અને પાંચ જ મિનીટમાં અહીના ૨૦૦ જેટલા મકાનોમાં આ પાણી લોકોની ઘર વખરી અને માલ-સામાન પલળી ગયો હતો, સામાન તો પલળી ગયો પરંતુ અનેક ઘરોમાં કાદવ છે. કીચડનું સામ્રાજય છવાયું હતું, જેને સાફ કરવામાં સ્થાનિક લોકો અને તંત્રને પરસેવો વળી ગયો છે.

(અનુ. પાના ૭ઉપર)

દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા વેંચવાની છે
પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કેવર ફુટ વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

સિધ્ધ મ્યુઝીક કરાઓકે એકેડેમી




જૂનાગઢમાં સહુ પ્રથમ લેડીઝ દ્વારા ચાલતા સંગીતનાં કલાસ...
શું આપ સંગીતનાં શોખીન છો? આપને ગાવાનો શોખ છે. તો આવો આપણે સાથે મળીનો સંગીતનાં સુર રેલાવીએ.
હિન્દી ફિલ્મોનાં ગીતો તથા અન્ય ગીતો કરાઓકે ટ્રેકમાં એકેડમીનાં સ્ટેજ ઉપર ગાવા મળશે. શ્રી હરીવાડી, શ્રી હાટકેશ હોસ્પીટલ પાસે જૂનાગઢ.
લીનાબેન ભટ્ટ
મો. ૯૦૩૩૯ ૧૨૪૯૩

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ક્ષાર કર્મચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેક્સ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦થી ૧:૩૦, સાંજે ૫:૩૦થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
• આપના શુભપ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વંદના બેકરી
તળાવ દરવાજા રોડ
સ્પે. પાઉ, સ્પે. બ્રેડ
સ્પે. નાનરોટી
રોજે રોજની તાજી મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ